અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ ઓગસ્ટ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ વદ ૧૨ | અંક : ૬૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# જમ્મુ-કાશ્મીરના રાજૌરી-કુપવાડામાં સેના-આતંકવાદીઓ વચ્ચે અથડામણ

## ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા ૨૮- ૨૯ ઓગસ્ટની રાત્રે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું : સર્ચ ઓપરેશન જારી

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરના કુપવાડા અને રાજૌરીમાં બે અલગ-અલગ અથડામણમાં ત્રણ આતંકીઓને ઠાર મારવાની માહિતી બહાર આવી રહી છે. અથડામણ પૂર્ણ થયા બાદ વધુ બેથી ત્રણ આતંકીઓના મૃત્યુની પુષ્ટિ થઈ છે. ભારતીય સેના મુજબ, સંભવિત ઘૂસણખોરી સંબંધિત ગુપ્ત માહિતીના આધારે, ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા ૨૮-૨૯ ઓગસ્ટની રાત્રે કુપવાડાના તંગધારના સામાન્ય વિસ્તારમાં સંયુક્ત ઘૂસણખોરી વિરોધી ઓપરેશન શરૂ કર્યું હતું. ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના કુમકડી વિસ્તાર અને તંગધાર સેક્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. તે જ સમયે, રાજૌરીમાં એન્કાઉન્ટરમાં આતંકવાદીઓનું પણ મૃત્યુ થઈ શકે છે. જો કે, અથડામણ અને સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે અને સેનાએ આતંકવાદીઓના મૃતદેહ બહાર કાઢ્યા નથી. આજે ગુરુવારે સવારે રાજૌરી જિલ્લાના લાઠી વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. ગુરુવારે સવારે શંકાસ્પદ ગતિવિધિની માહિતી મળ્યા બાદ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ અને સર્ચ ઓપરેશન દરમિયાન છુપાયેલા આતંકવાદીઓ અને સૈનિકો સામસામે આવી



ગયા હતા. આ પછી અથડામણ શરૂ થયું હતું. મળતી માહિતી મુજબ, આ વિસ્તારમાં બેથી ત્રણ આતંકવાદીઓ છુપાયેલા છે. આતંકીઓનો ખાત્મો કરીને વિસ્તારમાં સેનાની સ્થિતિ મજબૂત કરવા માટે વધુ સૈનિકો મોકલવામાં આવ્યા છે.

કુપવાડા એક્કાઉન્ટર પર, એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓની હિલચાલ સાંજે ૭.૪૦ વાગ્યે મળી હતી, જેના પછી ઝડપી સંપર્ક સ્થાપિત કરવામાં આવ્યો હતો અને સર્ચ ઓપરેશન દરમિયાન અથડામણ થઈ હતી. રાજૌરી પર અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, બુધવારે રાત્રે ૯.૩૦ વાગ્યે (આતંકવાદી પ્રવૃત્તિની શંકા બાદ) સુરક્ષા દળોએ રાજૌરી જિલ્લાના ખેરી મોહરા લાઠી અને દાંથલ ગામના સામાન્ય વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન, આતંકવાદીઓને સૈનિકોએ લગભગ ૧૧.૪૫ વાગ્યે જોયા, ત્યારબાદ ખેરી મોહરા વિસ્તાર નજીક આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર શરૂ થયો.

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. અહીં ૯૦ બેઠકો પર ત્રણ તબક્કામાં મતદાન થશે. ચૂંટણીપંચે ૨૦ ઓગસ્ટે તારીખોની જાહેરાત કરી હતી. ૪ જૂને પરિણામ આવશે અને કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ પ્રથમ વખત અહીં રાજ્ય સરકારની ચૂંટણી થશે. કાશ્મીરમાં પ્રથમ તબક્કાનું મતદાન ૧૮ સપ્ટેમ્બરે, બીજા તબક્કાનું ૨૫ સપ્ટેમ્બરે અને ત્રીજા તબક્કાનું મતદાન ૧ ઓક્ટોબરે થવાનું છે.

## ન્યૂઝ બ્રિફ

### સ્મૃતિ ઈરાનીએ સાંસદ રાહુલ ગાંધીના કર્યા વખાણ



। નવી દિલ્હી, તા.૨૯ ।

ભાજપ નેતા સ્મૃતિ ઈરાનીનું વલણ બદલાયેલું લાગી રહ્યું છે. અમેઠીથી લોકસભા ચૂંટણી હાર્યા બાદ સ્મૃતિ ઈરાનીએ પહેલી વખત કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના ખૂબ વખાણ કર્યાં. સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે રાહુલ ગાંધીના સ્વભાવ અને રાજકારણની રીતમાં મોટું પરિવર્તન આવ્યું છે. રાહુલ ગાંધી વિશે બોલતાં સ્મૃતિ ઈરાનીએ કહ્યું, રાહુલ ગાંધીના પોલિટિક્સમાં એક પરિવર્તન આવ્યું છે, તે વિચારે છે કે તેમણે સફળતા ચાખી લીધી છે, તે પહેલી વખત આટલું ઈન્સ્ટ્રૂમેન્ટલ બોલી રહ્યાં છે. રાહુલ ગાંધી હવે અલગ પોલિટિક્સ કરી રહ્યાં છે.

### ૧ શેર સામે ૧ શેર બોનસ તરીકે મળશે : મુકેશ અંબાણી

। નવી દિલ્હી, તા.૨૯ ।

મુકેશ અંબાણીના નેતૃત્વ હેઠળની દેશની સૌથી વેલ્યૂએબલ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૭મી વાર્ષિક બેઠકમાં એક મોટું એલાન કરાયું. મુકેશ અંબાણીએ તેમની કંપનીના શેરહોલ્ડર્સને ૧:૧ શેર્સ બોનસમાં આપવાની જાહેરાત કરી દીધી છે. મુકેશ અંબાણીએ કહ્યું કે આજે એજીએમની બેઠકમાં બપોરે ૧:૪૫ ની આજુબાજુ આ નિર્ણય લેવાયો હતો અને હવે ૫ સપ્ટેમ્બરે બોર્ડના મેમ્બર્સની બેઠક યોજાશે. બિઝનેસના વિસ્તરણ અને મજબૂત ફાયનાન્શિયલ પરફોર્મન્સને જોતા કંપનીએ આ જાહેરાત કરી હતી.

### મુસાફરો ભરેલી બસમાં આગ લાગતાં અફરા તફરીનો માહોલ

। નવી દિલ્હી, તા.૨૯ ।


દિલ્હીના જગતપુરી વિસ્તારમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. મુસાફરોથી ભરેલી એક ક્લસ્ટર બસમાં આગ લાગી ગઈ. મુસાફરોને અફરાતફરીમાં બસથી બહાર કાઢવામાં આવ્યા. બસમાં આગ લાગવાથી જગત પુરી, પ્રીત વિહાર અને પટપડગંજ વિસ્તારમાં ઘણા કિલોમીટર સુધી લાંબો ટ્રાફિક જામ થઈ ગયો છે. બાઈક ચલાવી રહેલો એક વ્યક્તિ બસમાં બેસેલા લોકો માટે 'ફરિશ્તા' બનીને આવ્યો. બસમાં આગ લાગી છે તેની માહિતી બાઈક ચલાવનારે જ ડ્રાઈવરને જાણ કરી હતી.

# ભારે વિવાદ વચ્ચે જેપી નડ્ડા સાથે કંગના રણૌતની મુલાકાત

## જેપી નડ્ડાએ કંગનાને કહ્યું કે, જો તમારે વાત કરવી હોય તો તમારા સંસદ ક્ષેત્ર વિશે વાત કરવી જોઈએ, ત્યાંની સમસ્યા વિશે વાત કરવી જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

બોલિવૂડ અભિનેત્રી અને ભાજપના સાંસદ કંગના રનૌત ખેડૂતો પરના પોતાના નિવેદનને લઈને વિપક્ષ દ્વારા પ્રહારો કરી રહ્યાં છે, ત્યારે કંગના જાતિગત વસ્તી ગણતરી પરના પોતાના નિવેદનને લઈને વિવાદમાં આવી છે. આ દરમિયાન, આજે (૨૯ ઑગસ્ટે) ભારે વિવાદ વચ્ચે કંગનાએ દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે મુલાકાત કરી હતી. જેપી નડ્ડાએ કંગનાને કહ્યું કે, 'જો તમારે વાત કરવી હોય તો તમારા સંસદ ક્ષેત્ર વિશે વાત કરવી જોઈએ, ત્યાંની સમસ્યા વિશે વાત કરવી જોઈએ. પરંતુ નીતિગત મુદ્દે અને જે ક્યાંકને



ક્યાંક સરકાર સાથે જોડાયેલી પાર્ટીના ટોચના નેતૃત્વમાં નિર્ણય લેવામાં આવે છે, આવા મુદ્દા પર તમે નિવેદન ન આપો. તમે સાંસદ જરૂર છો, પરંતુ તમે નીતિગત બાબતો પર અધિકૃત નથી અને ન તો તમને તેના પર બોલવાની મંજૂરી છે.' ભાજપ કંપનાના નિવેદનને લઈને પોતાનો નફો-નુકસાન જોઈ રહી છે. જ્યારે કિસાન નેતાઓને લઈને આ પ્રકારના નિવેદન આપવામાં આવે છે, ત્યારે તેના પર પ્રતિક્રિયા જોવા મળે છે. જેમાં ભાજપે કંગનાને સમજાવવાની કોશિશ કરી છે. આ પહેલા કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે કંગનાનો એક વીડિયો શેર કર્યો હતો. જેમાં કંગના કહી રહી હતી કે, 'દેશમાં જાતિગત વસ્તી ગણતરી બિલકુલ થવી જોઈએ નહીં.' જ્યારે કંગનાના આ પ્રકારના નવિદેન પાછળ કોંગ્રેસે ભાજપના વિચારો હોવાનું જણાવી, ભાજપ જાતિગત વસ્તી ગણતરીનો વિરોધ કરી રહી હોવાનું કહ્યું હતું. કોંગ્રેસના પ્રહારો પછી JDU નેતા કે.સી. ત્યાગીએ કહ્યું કે, ભાજપે કંગના રનૌતના નિવેદનોથી પોતાને દૂર રાખ્યા છે.

# જમ્મુ-કાશ્મીરથી લઈને અફઘાનિસ્તાન પાકિસ્તાન સુધી ભૂકંપના તીવ્ર આંચકા

## ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૪ માપવામાં આવી

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરથી લઈને અફઘાનિસ્તાન પાકિસ્તાન સુધી ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૪ માપવામાં આવી છે. જો કે સમાચાર લખાય છે ત્યાં સુધી જાનમાલને કોઈ નુકસાન અંગેની માહિતી બહાર આવી નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર બિંદુ અફઘાનિસ્તાન હતું. અફઘાનિસ્તાનમાં આજે ૧૧:૨૬ કલાકે ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

અફઘાનિસ્તાન ઉપરાંત જમ્મુ-કાશ્મીર અને પાકિસ્તાનના કેટલાક ભાગોમાં પણ ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. પાકિસ્તાનના ઈસ્લામાબાદ, પેશાવર, રાવલપિંડી, સરગોધા, ફૈસલાબાદ અને આસપાસના વિસ્તારોમાં ધરતી ધ્રૂજી હતી. અહીં ભૂકંપની તીવ્રતા ૫.૪ આંકવામાં આવી છે. પાકિસ્તાનના પંજાબ અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.

થોડા દિવસ પહેલા જ આ બંને જગ્યાએ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બારામુલ્લામાં ૨૦મી ઓગસ્ટે વહેલી સવારે ધરતી ધ્રૂજી ઉઠી હતી. ૬.૪૫ કલાકે ૪.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તે દિવસે પણ કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નહોતા. બીજી તરફ અફઘાનિસ્તાનમાં દરરોજ ભૂકંપના સમાચાર આવતા રહે છે.

કાશ્મીરનો ખીણ પ્રદેશ ભૂકંપ ઝોન ૫ માં આવે છે. ભૂકંપના જોખમને લઈને ભારતને ચાર પ્રદેશોમાં વહેંચવામાં આવ્યું છે. આ ઝોનમાંથી, ઝોન ૫માં સૌથી વધુ સિસ્મિક જોખમ છે અને ઝોન ૨માં સૌથી ઓછું જોખમ છે. કાશ્મીર ખીણ અને ડોડા જિલ્લાના તમામ જિલ્લાઓ સિસ્મિક ઝોન ૫ માં આવે છે અને બાકીના જિલ્લાઓ સિસ્મિક ઝોન ૪ માં આવે છે.

# પ્રિયંકા ગાંધીએ યુપી સરકારની સોશિયલ મીડિયા પોલિસી પર કર્યા પ્રહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશ સરકારે નવી સોશિયલ મીડિયા પોલિસીને મંજૂરી આપી દીધી છે. ડિપાર્ટમેન્ટ લાંબા સમયથી આ અંગે નીતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. સરકારે કહ્યું કે, સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવતી સામગ્રી અભદ્ર, અશ્લીલ અને રાષ્ટ્ર વિરોધી ન હોવી જોઈએ. હવે કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ યુપીની આ પોલિસી પર પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર તેમણે એક પોસ્ટમાં લખ્યું કે, 'જે તમને પસંદ હોય એ જ વાત કહીશું, તમે દિવસને રાત કહો તો રાત કહીશું'.

પ્રિયંકા ગાંધીએ લખ્યું કે, યુપી સરકારની સોશિયલ મીડિયા પોલિસીમાં ન્યાય માગી રહેલી મહિલાઓનો અવાજ કઈ શ્રેણીમાં આવશે? ૬૯૦૦૦ શિક્ષકોની ભરતીમાં અનામત કૌભાંડમાં ઉઠતા સવાલ કઈ શ્રેણીમાં આવશે? ભાજપ નેતાઓ અને ધારાસભ્યો દ્વારા ભાજપ સરકારની પોલ ખોલવીએ કઈ શ્રેણીમાં આવશે? 'તમે દિવસને રાત કહો તો રાત નહીંતર



હવાલાત'. આ પોલિસી સત્યને દબાવવાનો વધુ એક પ્રયોગ છે. શું ભાજપ લોકતંત્ર અને બંધારણને કચડવાથી વધારે વિચારી જ ન શકે? ઉત્તર પ્રદેશની કેબિનેટ દ્વારા ડિજિટલ મીડિયા પોલિસી ૨૦૨૪ રજૂ કરવામાં આવી છે. આ પોલિસીમાં કોને કેટલી સજા મળશે અને કોણ સોશિયલ મીડિયા દ્વારા કમાણી કરી શકશે એ તમામ માહિતી આવરી લેવામાં આવી છે. એન્ટી-નેશનલ પોસ્ટ કરનારને હવે ઉંમર કેદ સુધીની સજા પણ મળી શકે છે. દેશ વિરુદ્ધ પોસ્ટ કરનારને હવે સજા આપવામાં આવશે. અત્યાર સુધી ફ્રિડમ ઑફ સ્પીચ હતી, પરંતુ ઉત્તર પ્રદેશની સરકાર દ્વારા નવો નિયમ બનાવવામાં આવ્યો છે જેમાં હવે કોઈ પણ વ્યક્તિ ફ્રિડમ ઑફ સ્પીચના બહાને દેશ વિરુદ્ધ કંઈ પણ નહીં બોલી શકે. એન્ટી-નેશનલ પોસ્ટ કરનારને હવે ત્રણ વર્ષથી લઈને ઉંમરકેદ સુધીની સજા થઈ શકે છે. કેવી પોસ્ટ કરી છે અને કેટલી વાર કરી છે એના આધારે આ નિર્ણય લેવામાં આવશે. સરકારી સ્કીમ અને સરકાર દ્વારા કરવામાં આવી રહેલા કામને પ્રમોટ કરવા માટે હવે ઈન્ફ્લુએન્સર્સને પૈસા ચૂકવવામાં આવશે. ઈન્ફ્લુએન્સર્સ મહિને બે લાખથી આઠ લાખ રૂપિયા ફક્ત સરકારી સ્કીમને શેર કરીને કમાઈ શકશે. આ પૈસા તેમના કેટલા ફોલોઅર્સ અને વ્યુસ આવે છે એના આધારે નક્કી કરવામાં આવશે. ઠ પર પોસ્ટ કરવા માટે પાંચ લાખ રૂપિયાની લિમિટ, ફેસબુક પર પોસ્ટ કરવા માટે ચાર લાખ રૂપિયા અને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવા માટે ત્રણ લાખ રૂપિયાની લિમિટ રાખવામાં આવી છે. એટલે કે ઈન્ફ્લુએન્સર્સ એક મહિનામાં આ પ્લેટફોર્મથી વધુમાં વધુ આટલાં રૂપિયા કમાઈ શકે છે.

### ૫ સપ્ટેમ્બર સુધી પોલીસ નહીં કરે ધરપકડ

# પૂજા ખેડકરને દિલ્હી હાઈકોર્ટ પાસેથી મોટી રાહત મળી છે

## પૂજા ખેડકર પર યુનિયન પબ્લિક સર્વિસ કમિશનને આપેલી અરજીમાં તથ્યોને ખોટી રીતે રજૂ કરવાનો આરોપ લગાવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।


બરતરફ IAS ઓફિસર પૂજા ખેડકરને મોટી રાહત આપ તા દિલ્હી હાઈકોર્ટે ધરપકડથી વચગાળાની સુરક્ષા ૫ સપ્ટેમ્બર સુધી લંબાવી છે. આ પહેલા દિલ્હી હાઈકોર્ટે ધરપકડમાંથી વચગાળાની રાહતને ૨૯ ઓગસ્ટ સુધી લંબાવી હતી. ઉલ્લેખનીય છે કે પૂજા ખેડકર પર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ને આપેલી અરજીમાં તથ્યોને ખોટી રીતે રજૂ કરવાનો આરોપ લગાવ્યો છે. મળતી માહિતી મુજબ, દિલ્હી હાઈકોર્ટમાં આજે બરતરફ ટ્રેઈની IAS ઓફિસર પૂજા ખેડકરની આગોતરા જામીન પર સુનાવણી સ્થગિત કરવામાં આવી હતી. હાઈકોર્ટે દિલ્હી પોલીસને નવો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા માટે સમય આપ્યો છે. કેસની આગામી સુનાવણી ૫ સપ્ટેમ્બરે થશે. છેલ્લી સુનાવણીમાં દિલ્હી પોલીસે પૂજાની આગોતરા જામીન અરજીનો વિરોધ કર્યો હતો. દિલ્હી પોલીસે કહ્યું કે પૂજા પર છેતરપિંડી સંબંધિત ગંભીર આરોપો છે.

### FIR, ચાર્જશીટ, લાગેલા આરોપો સામે કરી હતી અરજી

# બ્રિજભૂષણ સિંહને દિલ્હી હાઈકોર્ટમાંથી મોટો ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

મહિલા કુસ્તીબાજોની કથિત જાતીય સતામણીના કેસમાં આરોપી બ્રિજ ભૂષણ સિંહને દિલ્હી હાઈકોર્ટ તરફથી આજે ગુરુવારે મોટો ઝટકો લાગ્યો છે. બ્રિજ ભૂષણ સિંહે તેમની સામે નોંધાયેલી ફૈંઈ, ચાર્જશીટ અને નીચલી અદાલત દ્વારા આરોપો ઘડવાના આદેશને રદ કરવાની માંગ કરતી અરજી દાખલ કરી હતી. જોકે, હાલમાં તેમને દિલ્હી હાઈકોર્ટ તરફથી કોઈ રાહત મળી નથી. દિલ્હી હાઈકોર્ટે બ્રિજભૂષણને પૂછ્યું કે, તેઓ તેમના પર લાગેલા આરોપો સામે આટલા મોડા કેમ કોર્ટમાં આવ્યા? અને તેમના વકીલને આ કેસમાં કોર્ટ સમક્ષ શોર્ટ નોટ રજૂ કરવા કહ્યું. અરજી પર સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે બ્રિજ ભૂષણની અરજીની મેન્ટેનેબિલિટી પર સવાલ ઉઠાવ્યા



હતા. હવે આ કેસની આગામી સુનાવણી ૨૬ સપ્ટેમ્બરે થશે.

બ્રિજભૂષણના વકીલે કહ્યું કે, આ કેસમાં છ ફરિયાદી છે, ફૈંઈ દાખલ કરવા પાછળ છુપાયેલ એજન્ડા છે. તમામ ઘટનાઓ અલગ-અલગ સમયે અલગ-અલગ જગ્યાએ બની છે. આ માત્ર એક ષડયંત્ર છે. જોકે, વકીલની દલીલો કોર્ટમાં કામ આવી નહીં અને તેમની સામેની સુનાવણી ચાલુ રહેશે. ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં, બજરંગ પુનિયા, વિનેશ ફોગાટ અને સાક્ષી મલિક જેવા ટોચના કુસ્તીબાજોની આગેવાનીમાં દેશના ૩૦ કુસ્તીબાજો ભારતીય કુસ્તી સંઘના તત્કાલિન પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે હડતાળ પર ઉતર્યા હતા. કુસ્તીબાજોએ બ્રિજ ભૂષણ પર કુસ્તી સંઘને મનસ્વી રીતે ચલાવવા અને મહિલા કુસ્તીબાજો અને મહિલા કોચનું યૌન શોષણ કરવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, કુસ્તીબાજો પૂછપરછ માટે સંમત થયા અને બ્રિજભૂષણને સંઘના કામથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું. ઓલિમ્પિક એસોસિએશનની સમિતિએ તપાસ હાથ ધરી હતી, પરંતુ તેનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો નહીં. આવી સ્થિતિમાં, કુસ્તીબાજો જૂનમાં ફરી હડતાળ પર બેઠા. આ સમયગાળા દરમિયાન હડતાલ લાંબા સમય સુધી ચાલુ રહી અને ઘણી વખત કુસ્તીબાજોનું પોલીસ સાથે ઘર્ષણ પણ થયું.

### ગીતમાં વ્યક્ત કર્યું પોતાનું દર્દ

# કોલકાતા દુષ્કર્મ-હત્યા કેસમાં અરિજીત સિંહે ન્યાયની કરી માંગ

। (એજન્સી) કોલકત્તા, તા.૨૯ ।

કોલકાતાની ઈટ કર હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પરની નિર્દયતાએ દેશભરના લોકોને હચમચાવી દીધા છે. દુષ્કર્મ-હત્યા કેસમાં પીડિતાના પરિવારને ન્યાય મળે તે માટે દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. સામાન્ય લોકો હોય કે સેલેબ્સ, દરેક પીડિત પરિવાર સાથે ઉભા જોવા મળે છે. હવે બોલિવૂડના પ્રખ્યાત ગાયક અરિજીત સિંહ પણ કોલકાતા મુદ્દે વિરોધ કરતા જોવા મળ્યા છે. તેણે દુર્ઘટના અંગે એક ગીત કમ્પોઝ કર્યું છે, જેના દ્વારા તે કોલકાતામાં ચાલી રહેલા આંદોલનનો હિસ્સો બન્યા છે અને તેમના નવા બંગાળી ગીત 'આર કોબે' સાથે ન્યાયની માંગ કરી છે. આ ગીતને લોન્ચ કરતી વખતે તેમણે એમ પણ કહ્યું કે, આ કોઈ પ્રોટેસ્ટ ગીત નથી, પરંતુ કાર્યવાહી માટે આહ્વાન કરે છે. કોલકાતામાં દુષ્કર્મ અને હત્યાની ઘટના બાદ દેશભરમાં ગુસ્સાનું વાતાવરણ છે. હવે અરિજીત સિંહ આંદોલનના સમર્થનમાં આવ્યા છે અને તેમના નવા બંગાળી ગીત 'આર કોબે' સાથે ન્યાયની માંગણી કરી છે.

'આર કોબે' એટલે આનો અંત ક્યારે આવશે? અરિજીતે આ ગીતને માત્ર પોતાનો અવાજ જ નથી આપ્યો, પરંતુ તેણે તેને લખ્યું અને કમ્પોઝ પણ કર્યું છે. અરિજીતે આ ગીતનો વીડિયો પોતાની યુટ્યુબ ચેનલ પર શેર કર્યો છે. ગીતમાં અરિજીતની આંતરિક પીડા અનુભવી શકાય છે.

### ન્યૂઝ બ્રિફ

## ખેતીને થયેલ નુકસાનનું સર્વે કરાવવામાં આવશે : કૃષિમંત્રી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજકોટમાં વરસાદે ભારે તારાજી સર્જી છે. રાજકોટમાં વરસાદ બાદની સ્થિતિને લઈ રાઘવજી પટેલે નિવેદન આપ્યું હતું કે, વરસાદને લઈ અધિકારીઓ સાથે બેઠક કરી માહિતી મેળવી છે. તેમજ નીચાણવાળા વિસ્તારમાંથી લોકોનું રેસ્ક્યું કરી સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. ખેતીને થયેલ નુકસાનનું સર્વે કરાવવામાં આવશે. તેમજ ખરાબ રસ્તાઓ તાત્કાલિક રીપેર કરવા સૂચનાઓ આપી છે. જામનગરમાં અતિવૃષ્ટિને લઈ આગોતરૂ આયોજન કરાયું છે. અતિવૃષ્ટિ થાય તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય તે સ્વાભાવિક છે. રાજકોટ પ્રભારી રાઘવજી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સૌથી વધુ અસરગ્રસ્ત રૈયા રોડ, બેડીપરા, બજરંગવાડી સહિતનાં નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૧૧૦ લોકોને નજીકની શાળામાં સ્થળાંતર કરી તેઓને રહેવા તેમજ જમવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી.

## કરાર આધારિત સરકારી તજજ્ઞ તબીબોનો પગાર વધારીને ૧.૩૦ લાખ કરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂ. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂ. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે. ગુજરાતમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, સબ ડિસ્ટ્રીક્ટ અને ડિસ્ટ્રીસ્ટ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા કરાર આધારિત ખાનગી પ્રેક્ટિસ વગરના તજજ્ઞ તબીબોને હાલમાં રૂપિયા ૯૫,૦૦૦નું વેતન આપવમાં આવે છે. ગુજરાત સરકારે આ વેતનમાં વધારો કરીને હવેથી રૂ. ૧,૩૦,૦૦૦ લાખ પ્રતિ માસ ચૂકવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં કરાર આધારિત તબીબોને ખાનગી પ્રેક્ટિસ કરવાની છૂટ આપવામાં આવતી નથી. આથી ખાનગી પ્રેક્ટિસ વગર કરાર આધારિત સેવા આપતા તજજ્ઞ તબીબોના પ્રતિ માસના વેતનમાં માતબર રકમનો વધારો કરાયો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે કરેલા નિર્ણય અનુસાર, જે તબીબ ખાનગી પ્રેક્ટિસ કરતા નથી અને સરકારી દવાખાનામાં કરાર આધારિત ફરજ બજાવે છે તેમને રૂ. ૯૫૦૦૦ પ્રતિ માસ વેતન આપવામાં આવે છે, આ વેતનમાં વધારો કરીને હવેથી તેમને પ્રતિ માસ રૂ.૧,૩૦,૦૦૦ આપવાનું સરકારી ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. એટલે કે અંદાજે ૩૭ % જેટલો પગાર વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂ. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂ. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.

### પૂર પ્રભાવિત જિલ્લાઓમાં ૩૫ મેડિકલ ટીમ મોકલાઈ

# સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનમાં હજુ પણ બે દિવસ ભારે વરસાદની આગાહી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતમાં ગત દિવસો દરમિયાન વરસી રહેલા ધોધમાર વરસાદનું આજે દક્ષિણ ગુજરાત, પૂર્વ-મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં જોર ઘટ્યું છે. જ્યારે, કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનમાં હજુ પણ આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેવભૂમિ દ્વારકાના ભાણવડ અને કચ્છના અબડાસા તાલુકામાં સૌથી વધુ ૧૧ ઈંચ કરતા પણ વધારે વરસાદ વરસ્યો છે. જ્યારે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર ૨૪ કલાકમાં ૧૦ ઈંચ જેટલો, જામનગર, કચ્છ અને પોરબંદર જિલ્લામાં ૫-૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. બીજી તરફ ભારે વરસાદથી પ્રભાવિત વડોદરા, મોરબી અને પોરબંદર જિલ્લામાં કુલ ૩૫ મેડિકલ ટીમ પાંચ દિવસ માટે મોકલવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ તેમજ ખંભાળિયા અને કચ્છના લખપત તાલુકામાં ૯ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સાથે જ, જામનગરના જામજોધપુર, દેવભૂમિ દ્વારકાના દ્વારકા અને કચ્છના નખત્રાણા તાલુકામાં ૮ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છના માંડવી તાલુકામાં પણ ૭ ઈંચથી વધુ, જામનગરના કાલાવડ અને લાલપુર તાલુકામાં ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજકોટના લોધિકા, ધોરાજી અને જામકંડોરણા તાલુકા ઉપરાંત પોરબંદરના કુતિયાણા અને રાણાવાવ તેમજ કચ્છના અંજાર તાલુકામાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જ્યારે, રાજકોટ જિલ્લાના રાજકોટ અને જેતપુર તાલુકામાં, જામનગર તાલુકામાં, પોરબંદર તાલુકામાં તેમજ કચ્છના મુન્દ્રા તાલુકામાં ૪ ઈંચથી જેટલો વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭ તાલુકામાં ૩ ઈંચથી વધુ, ૧૦ તાલુકામાં ૨ ઈંચથી વધુ, ૩૬ તાલુકામાં એક ઈંચથી વધુ તેમજ ૧૬૩ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. આમ, છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર રાજ્યના કુલ ૨૩૮ તાલુકામાં સરેરાશ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૦૯ ટકા નોંધાયો છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૫૪ ટકા કરતા પણ વધારે અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૩ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૧૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૦૪ ટકાથી વધુ, જ્યારે, ઉત્તર ગુજરાતમાં હજુ સુધી ૮૬ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની સૂચનાથી ભારે વરસાદથી પ્રભાવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં રોગચાળો ફાટી ન નિકળે તે માટે આરોગ્ય વિભાગે અગમચેતીના પગલે સ્વાસ્થય ચકાસણી હાથ ધરી છે. મંત્રીની સૂચનાથી ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૩૫ મેડિકલ ટીમ રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી પ્રારંભિક તબક્કે મોકલવામાં આવી છે.

# વડોદરાની પૂર આપદામાં રાહત અને બચાવ કામગીરીનો તાગ મેળવતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઇ સંઘવી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

વડોદરા શહેરમાં વિશ્વામિત્રીના પૂરના કારણે ઊભી થયેલી આપદામાં રાજ્ય સરકાર તમામ સહાય અને મદદ કરી રહી હોવાની ધરપત ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આપી છે.તેઓ આજે બપોર બાદ વડોદરા આવી પહોંચ્યા હતા અને સ્થિતિનો ચિતાર મેળવ્યો હતો. ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ વડોદરાની સ્થિતિનો તાગ મેળવ્યા બાદ સમૂહ માધ્યમો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે વડોદરા શહેરમાં ધીમે ધીમે પૂરના પાણી ઓસરી રહ્યા છે અને રાજ્ય સરકારનું સંપૂર્ણ લક્ષ રાહત અને બચાવની કામગીરી ઉપર છે.વડોદરા શહેરમાં બચાવ કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા આર્મીની ત્રણ, એન. ડી.આર.એફ અને એસ.ડી.આર.એફ ની સાત ટીમો કાર્યરત છે. આ ઉપરાંત અમદાવાદ અને સુરત સહિતના શહેરોમાંથી ફાયરની નવ ટીમો વડોદરા મોકલવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, વડોદરા શહેરમાં પાણી વિતરણ કરતા ૧૩ સંપ બંધ થયા હતા જે પૈકી હવે માત્ર ચાર જ બંધ હાલતમાં છે. આવી કપરી પરિસ્થિતિમાં શહેરમાં વીજ વિતરણ કરતા ૧૧૮ ફીડર બંધ થઈ ગયા હતા. જે પૈકી ૨૨ ફીડર આજ ગુરુવાર મોડી સાંજ સુધીમાં શરૂ થઈ જશે.બાકીના ૧૨ ફિડરોમાં હજુ પાણી ભરાયું છે તેને પાણી ઓસરતાં તુરંત શરૂ કરી દેવામાં આવશે. એ જ રીતે ૧૫૦ ટ્રાન્સફોર્મરો મોડી રાત સુધીમાં કાર્યરત થઈ જશે આ કામગીરી માટે ૪૦ ટીમ કાર્યરત છે એટલું જ નહિ વધારાની ૧૦ ટીમ પણ કામે લગાડવામાં આવી છે. તેમણે કહ્યું કે, ૩૪ પાણી વિતરણ વ્યવસ્થાઓ પૈકી ૩૩ શરૂ થઈ ગઈ છે.૪૪૧ એમ.એલ. ડી પાણીનું સુપર ક્લોરીનેશન કરી વિતરણ કરવામાં આવ્યું છે.શહેરના દસ ટકા વિસ્તારમાં ૪૦ જેટલા ટેક્રર મારફત પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૮૫ મેટ્રિક ટન કચરો સાફ કરવામાં આવ્યો છે. પૂર ઓસરતાની સાથે સફાઈ અને આરોગ્યની બાબતને ધ્યાને રાખી ૪૮ જે.સી.બી, ૭૮ ડમ્પર, ૬૩ ટ્રેક્ટર તથા ૨૩૨ કચરા ગાડી સફાઈ કામગીરીમાં જોડાશે. તેમ તેમણે ઉમેર્યુ હતું. શહેરમાં હાલમાં આરોગ્ય ટીમો દ્વારા લોકોના આરોગ્યની દરકાર લેવામાં આવી રહી છે.શહેર જિલ્લાના ૪૦ પી.એચ સી,ચાર સી.એચ સી અને ૭૨ શહેરી આરોગ્ય કેન્દ્રો અને ૧૩૫૦ આરોગ્ય કર્મીઓ આ કામગીરીમાં જોડાયા છે.મંત્રીશ્રીએ ખાનગી તબીબોને પણ આ કામગીરીમાં જોડાવા અપીલ કરી હતી. મંત્રીશ્રીએ જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી નુકશાની સર્વે, બચાવ અને રાહત, આરોગ્ય, સફાઈ સંબંધિત કામગીરીની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા.

# જૂનાગઢમાં જળબંબાકાર । ઘેડ પંથકના અનેક રસ્તાઓ બંધ, વરસાદથી કુલ ૩૬ ગામ સંપર્ક વિહોણા થયા

### વંથલીના બે, માણાવદર ના ૧૫, કેશોદના ૬ અને માંગરોળના ૧૩ ગામ સંપર્ક વિહોણા બન્યા

। (એજન્સી) જૂનાગઢ,તા.૨૯ ।

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાત રાજ્યમાં વાતાવરણ વિશે આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ત્રણ દિવસ હજુ પણ ગુજરાત રાજ્ય માટે ભારે રહેશે તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓ માટે આગામી ૪૮થી ૭૨ કલાક અત્યંત ભારે વરસાદની સંભાવના છે.

જૂનાગઢમાં સતત બે દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અવિરત મેઘવર્ષાથી ઘેડ પંથકમાં જળબંબાકાર થતું જોવા મળી રહ્યું છે. ભારે વરસાદથી કુલ ૩૬ ગામ સંપર્ક વિહોણા થયા છે. જેમાં વંથલીના બે , માણાવદર ના ૧૫ , કેશોદના ૬ અને માંગરોળ ના ૧૩ ગામ સંપર્ક વિહોણા બન્યા છે. હજુ પણ વરસાદની પરિસ્થિતિ અણનમ છે. વરસાદ જો વધારે તીવ્રતા વધશે તો હજુ પણ આ સ્થિતિ વણસી શકે તેમ છે. માણાવદર પંથકમાં ધોધમાર વરસાદને લીધે માણાવદર પોરબંદર



હાઈવે બંધ થયો છે સરાડીયા ગામ પાસે પાણી ભરાઈ જતા ૨૪ કલાકથી વધુ સમયથી સ્ટેટ હાઈવે બંધ થયો છે જેથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

ભારે વરસાદથી ઘેડ પંથકના અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે હજારો એકર ખેતીની જમીન પાણીમાં ગરકાવ થઈ છે અને ખેડૂતોએ ફરીથી વાવેલો પાક પણ નષ્ટ થયો છે. થોડા સમય પહેલા આજે વધારે પાણી ભરાઈ જવાથી ખેતરોમાં રહેલો પાક ખરાબ થઈ ગયો હતો એટલે ખેડૂતોએ ફરીથી પાકનું વાવેતર કર્યું હતું પરંતુ તે પાક પણ વધારે વરસાદથી નષ્ટ થયો છે તેથી ઘેડ પંથકમાં ચોમાસાના ખેડૂતોના બચી ગયેલા પાકને વધુ નુકસાન થવાની પણ સંભાવના છે.

વંથલીના આખા અને સેદરડા ગામ, માણાવદરના થાપલા વેકરી કોડવાવ ભીંડોરા ગણા વડા સમેગા ઈન્દ્રા પીપલાણા સરાડીયા દેશીંગા ચીખલોદરા પાદરડી અને મટીયાણા ગામનો સંપર્ક કપાયો છે. આ સિવાય કેશોદનું મઢડા, મુડીયાસા, બામણાસા, અખોદડ, સરોડ અને બાલાગામનો સંપર્ક તુટ્યો છે. જ્યારે માંગરોળનું લાંગડ, ફુલરામાં, મીતિ, લંબોરા, ચોટીલી વિડી ઓસા, ઘોડદર, સાંઢા, સરમા, બગસરા ઘેડ, ભાથરોટ, હન્ટરપુર ગામ સંપર્ક વિહોણા બન્યા છે.

### વડોદરામાં મેઘ પ્રકોપ

## પૂરના પાણીથી બચવા દંપતી ઘરના છાપરે ચઢ્યું, ત્રણ દિવસ ભૂખ્યા-તરસ્યા બેસી રહ્યા

### ઘરોમાં પણ પાણી ઘુસી જતા લોકોનું રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે ત્યારે વડોદરાના અણખી ગામે પાણી ભરાઈ જવાથી લોકો અટવાયા છે

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

સતત ત્રણ દિવસથી મેઘરાજાની તોફાની બેટિંગે ગુજરાતવાસીઓના શ્વાસ અધ્ધર કરી દીધા છે. ખાસ કરીને વડોદરામાં પૂરની સ્થિતિ જોવા મળી રહી છે. વડોદરામાં વિશ્વામિત્રી નદીનું પાણી આફત લઈને આવ્યું છે. છેક ગળા સુધીના પાણી અનેક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં છે. ઘરોમાં પણ પાણી ઘુસી જતા લોકોનું રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે. ત્યારે વડોદરાના અણખી ગામે પાણી ભરાઈ જવાથી લોકો અટવાયા છે. જેમાં પૂરના પાણીથી જીવ બચાવવા એક દંપતી ઘરના છાપરે ચઢી ગયું હતું. છેલ્લા ત્રણ દિવસથી ભૂખ્યા-તરસ્યા દંપતી ઉપર જ ફસાયેલ હતું. વડોદરા અને જિલ્લામાં પૂરના પાણીના કારણે અનેક લોકો ફસાઈ ગયા છે. લોકોનું સ્થળાંતર કરીને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યાં છે. ત્યારે અણખી ગામે પૂરના પાણીથી જીવ બચાવવા દંપતી ઘરના છાપરે ચઢી ગયું હતું. પોતાના ઘરની આસપાસ પાણીનો પ્રવાહ તેજ હોવાથી દંપતી કલાકોથી છત પર બેસી ગયું હતું. ઘરની છત પર ફસાયેલા પતિ-પત્નીને કરજણ ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ કરાયું હતું. છેલ્લા ત્રણ દિવસથી ભૂખ્યા-તરસ્યા ઘરની છત પર પતિ-પત્ની ફસાયેલા હતાં. ઘરની છત પર ફસાયેલા પતિ-પત્નીને રેસ્ક્યુ કરી સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા. જણાવી દઈએ કે, ઢાઢર નદીના પાણી અણખી ગામમાં ફરી વળતાં અનેક લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. વડોદરામાં મેઘરાજાની તોફાની બેટિંગ બાદ અનેક વિસ્તારોમાં પાણી ભરાવાથી વડોદરાવાસીઓની સ્થિતિ કફોડી બની છે. રસ્તાઓ બંધ થતા અને વીજ પુરવઠો ઠપ્પ થઈ જતા લોકો ઘરમા પુરાઈ રહ્યા છે. દૂધ, શાકભાજી અને પીવાના પાણી સહિતની જીવન જરૂરી વસ્તુ આપવા આવેલા સ્વજનો પણ ચારેબાજુ પાણીના કારણે બહાર અટવાયા છે.

## ડભોઈથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાનો રસ્તો ધોવાઈ ગયો

। (એજન્સી) ડભોઈ, તા.૨૯ ।

મેઘરાજાએ છેલ્લા ૩ દિવસમાં દક્ષિણથી લઈને સૌરાષ્ટ્ર સુધી રાજ્યને ધમરોળ્યુ છે. જેના કારણે દુકાનો ઘરો તો પાણીમાં ગરકાવ થયા છે પરંતુ હાઈવે પણ બિસ્માર બન્યા છે. જેમાં વડોદરાના ડભોઈથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાનો રસ્તો ધોવાઈ ગયો છે. જેના કારણે વાહન વ્યવહાર પ્રભાવિત થયો છે.મેઘરાજાએ છેલ્લા ૩ દિવસમાં દક્ષિણથી લઈને સૌરાષ્ટ્ર સુધી રાજ્યને ધમરોળ્યુ છે. જેના કારણે દુકાનો ઘરો તો પાણીમાં ગરકાવ થયા છે પરંતુ હાઈવે પણ બિસ્માર બન્યા છે. જેમાં વડોદરાના ડભોઈથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવાનો રસ્તો ધોવાઈ ગયો છે. જેના કારણે વાહન વ્યવહાર પ્રભાવિત થયો છે.વડોદરામાં ભારે વરસાદને કારણે અનેક રસ્તા બિસ્માર થયા છે. ખાસ કરીને ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાનો રોડ ધોવાયો છે. ડભોઈના રાજલી ગામ પાસે આખો રોડ ધોવાઈ જતા મુશ્કેલી પડી રહી છે. તાજેતરમાં જ કરોડો રૂપિયા ખર્ચી રોડ બનાવ્યો હતો. દેવ નદીમાંથી પાણીનો પ્રવાહ આવતા રોડની હાલત બિસ્માર બની છે. રોડ બનાવામાં ભ્રષ્ટાચાર થયાનો સ્થાનિકોનો આરોપ છે.આ રસ્તા પર પાણીના કારણે મસમોટા ગાબડા પડ્યા છે. જેના કારણે વાહન ચાલકોએ ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. રાજ્યના હાઈવે સહિત ગામના રસ્તાઓની વરસાદના કારણે બિસ્માર હાલતથી સ્થાનિકો પરેશાન તો તંત્રની કામગીરીને લઈને લોકોમાં રોષ પણ જોવા મળ્યો છે.

## મોરબીમાં ટ્રેક્ટર તણાતા મૃત્યુ પામેલાઓને ચાર લાખની સરકારી સહાય આપવામાં આવશે

। (એજન્સી) મોરબી, તા.૨૯ ।

મોરબી જિલ્લામાં હળવદના ઢવાણા ગામે ટ્રેક્ટરમાં તણાઈ જવાની દુર્ઘટનામાં વોકળામાં તણાઈને મૃત્યુ પામેલા દિવંગતો માટે સરકારશ્રીએ સંવેદના વ્યક્ત કરી છે. ત્યારે હાલ સરકાર દ્વારા આ મૃતકો માટે સી.એમ. રાહત ફંડમાંથી રૂ. ૪ લાખની સહાય આપવામાં આવશે જેની મોરબી પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ મોરબી ખાતેથી જાહેરાત કરી હતી. મોરબી જિલ્લામાં હળવદ તાલુકાના ઢવાણા ગામે ગત ૨૫ તારીખે મોડી સાંજે ગામની નજીક આવેલા વોકળામાં ટ્રેક્ટર તણાયું હતું જેમાં ૧૭ લોકો સવાર હતા. જેમાંથી વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ ફાયરની ટીમ અને સ્થાનિક લોકો દ્વારા ૯ લોકોનો આબાદ બચાવ કરવામાં આવ્યો હતો. અન્ય લોકોની શોધખોળ માટેનાં પ્રયાસો ચાલુ છે, જેમાં એન.ડી.આર.એફ.ની ટીમ અને બોટ દ્વારા સતત શોધખોળ કરવામાં આવી રહી છે. જેના પગલે અત્યાર સુધીમાં પાંચ લોકોના મૃતદેહ મળી ચૂક્યા છે. સરકાર દ્વારા આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતો માટે સંવેદના વ્યક્ત કરી તેમના પરિવારજનોને સાંત્વના પાઠવવામાં આવી છે. મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આ મૃતકોના પરિવારજનોને રૂ. ૪-૪ લાખ ચુકવવામાં આવશે. આ સહાયની મોરબી ખાતે આવેલા જિલ્લા પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જાહેરાત કરી હતી.

### રાજ્યના વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં બચાવ રાહત કામગીરી મિશન મોડમાં । રાહત બચાવ કામગીરી માટે NDRFની ૧૭ અને SDRFની ૨૫ ટીમ ઉપરાંત આર્મીની ૯ કોલમ ડિપ્લોય કરાઈ

# ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન તંત્ર એ સતત ખડેપગે રહી સતર્કતા અને સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું







। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજાએ કહેર વર્તાવ્યો છે. ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ હતી. રાજ્યમાં ઉપસ્થિત થતી કોઈપણ પ્રકારની પરિસ્થિતિ સામે લડવા માટે ગુજરાતનું વહીવટી તંત્ર સજ્જ છે. ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન તંત્ર આ આકાશી આફતમાં ખડેપગે રહી સતર્કતા અને સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડી રહ્યું છે. વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી મિશન મોડમાં ચાલી રહી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા પ્રાપ્ત માહીતી મુજબ આજે તા.૨૯મી ઑગસ્ટ સવારે ૧૦.૦૦ કલાકની સ્થિતિ એ છેલ્લા ૨૪ કલાકમાં ૧,૭૮૫ નાગરિકોને રેસ્ક્યુ તથા ૧૩,૧૮૩ નાગરિકોનુ સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. રાજ્યમાં રાહત બચાવ કામગીરી માટે એન.ડી.આર. એફની ૧૭ તેમજ એસ. ડી. આર. એફની ૨૫ ટીમો ઉપરાંત આર્મીની ૯ કોલમ ડિપ્લોય કરવામાં આવી છે. રાજ્યમાં ભારે વરસાદમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ રાહત અને બચાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે, ત્યારે લોકોના જાનમાલનું રક્ષણ કરવા જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, માર્ગ અને મકાન, આરોગ્ય સહિતના તમામ વિભાગો ખડેપગે ફરજો બજાવી રહ્યા છે. પાણીમાં ફસાયેલા લોકોનું રક્ષણ કરી તેમને સલામત સ્થળે ખસેડવામાં પણ આવી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામમાં ભારે વરસાદના કારણે ચાર નાગરિકો ફસાયા હતાં. જિલ્લા વહીવટી તંત્રની સતર્કતા મદદથી હેલિકોપ્ટરથી રેસ્ક્યુ કરી સલામત સ્થળે સફળતાપૂર્વક ખસેડવામાં આવ્યા હતા. વલસાડ જિલ્લામાં ખાસ કરીને આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા મહિલાઓને વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. ધોધમાર વરસાદ અને વિકટ પરિસ્થિતિમાં પોતાનું ઘર છોડી જિલ્લા આરોગ્ય તંત્રની સતત દેખરેખ અને કાળજી વચ્ચે વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં એક મહિલાની સફળ પ્રસૂતિ કરાઈ હતી. તેવી જ રીતે, સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી તાલુકાના પરનાળા ગામમાં એક મહિલાને રેસ્ક્યું કરીને આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં આરોગ્ય કર્મી દ્વારા સફળતા પૂર્વક તેમની પ્રસુતિ કરવામાં આવી હતી. પોરબંદર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પણ આજે બાર બહેનોની સફળ ડિલિવરી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં શિયાળબેટ ગામના સગર્ભા મહિલાને બોટ મારફતે નજીકની આરોગ્ય સંસ્થા ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં કચ્છ તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભારે વરસાદની પરિસ્થિતિ યથાવત હોવાથી રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને કામ વગર બહાર ન નીકળવા અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

### ગેરકાયદેસર વ્યવહારો, દાણચોરી, છેતરપિંડી

## ટેલિગ્રામના સીઈઓ પાવેલ સામેના આરોપોની તપાસ કરવામાં આવશે

। (એજન્સી) પેરિસ, તા.૨૯ ।

ફ્રેન્ચ કોર્ટના ન્યાયાધીશે બુધવારે ટેલિગ્રામ બોસ પાવેલ દુરોવને શરતી જામીન આપ્યા છે. જામીનની શરત તરીકે, તેને ૫૦ લાખ યુરોની જામીન રકમ જમા કરાવવા અને અઠવાડિયામાં બે વાર પોલીસને જાણ કરવાનું કહેવામાં આવ્યું છે. આ સાથે તેના પર ફ્રાન્સ છોડવા પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. પાવેલ દુરોવની સંગઠિત અપરાધ હેઠળ ઔપચારિક તપાસ બાકી હતી તેની અટકાયત કરવામાં આવી હતી.પેરિસના પ્રોસિક્યુટર લોરે બેકકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જજે વિચાર્યું કે પોલ સામેના તમામ આરોપોની તપાસ શરૂ કરવા માટે પૂરતા આધાર છે. પોલની ચાર દિવસ પહેલા ધરપકડ કરવામાં આવી હતી. તેના પર ગેરકાયદેસર વ્યવહારો, બાળ જાતીય શોષણની છબીઓનું વિતરણ, ડ્રગ હેરફેર અને છેતરપિંડી, અધિકારીઓને માહિતી આપવાનો ઈનકાર, મની લોન્ડરિંગ અને ગુનેગારોને ક્રિપ્ટોગ્રાફિક સેવાઓ પ્રદાન કરવાની શંકાને મંજૂરી આપતા ઑનલાઈન પ્લેટફૉર્મ ચલાવવામાં સામેલગીરી સહિતના આરોપોનો સામનો કરવો પડે છે.દુરોવના વકીલે ટિપ્પણી કરી ન હતી. ફ્રાન્સમાં ઔપચારિક તપાસનો અર્થ એ નથી કે વ્યક્તિ દોષિત છે અથવા કેસ આવશ્યકપણે કોર્ટમાં જશે, પરંતુ ન્યાયાધીશોને કેસની વધુ તપાસ કરવા માટે પૂરતા પુરાવા મળ્યા છે. આવા કેસોની તપાસ ટ્રાયલ માટે મોકલવામાં આવે અથવા બંધ કરવામાં આવે તે પહેલાં ઘણા વર્ષો સુધી ચાલી શકે છે. શનિવારે સાંજે પેરિસ નજીકના એરપોર્ટ પર રશિયન મૂળના દુરોવની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. દુરોવની ધરપકડથી અભિવ્યક્તિની સ્વતંત્રતા અને કાયદાના પાલન વચ્ચેના સંતુલન અંગે ચર્ચા જગાવી છે. તે ટેલિગ્રામ વચ્ચેના જટિલ સંબંધોને પણ હાઈલાઈટ કરે છે, જેમાં લગભગ ૧ બિલિયન યુઝર્સ છે અને સરકારો, અને તે ટેક જાયન્ટ્સ માટે ચેતવણી છે જેઓ તેમના પ્લેટફોર્મ પર કથિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે સત્તાવાળાઓને સહકાર આપતા નથી.

# શું રાજકીય પક્ષો કે સંગઠનો બંધનું એલાન આપી શકે છે?

### બોમ્બે હાઈકોર્ટે તાજેતરમાં બદલાપુર ઘટનાને લઈને મહાવિકાસ અઘાડી દ્વારા બોલાવવામાં આવેલા બંધ પર પ્રતિબંધ મૂક્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

કોલકાતાની આરજી કાર મેડિકલ હોસ્પિટલના ૩૧ વર્ષીય ટ્રેઈની ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાના મામલે બંગાળમાં ખળભળાટ મચી ગયો છે. વિદ્યાર્થીઓના નબન્ના અભિયાનના વિરોધના એક દિવસ બાદ બુધવારે ભાજપે ૧૨ કલાકના બંધનું એલાન આપ્યું હતું. નબન્ના વિરોધ પ્રદર્શનમાં પ્રદર્શનકારીઓ સામે પોલીસની ક્રૂર કાર્યવાહીને ધ્યાનમાં રાખીને આ બંધનું એલાન કરવામાં આવ્યું હતું. આ બંધ વિરુદ્ધ કલકત્તા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી પણ દાખલ કરવામાં આવી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી. આવી સ્થિતિમાં એ જાણવું જરૂરી છે કે રાજકીય પક્ષો દ્વારા અપાયેલા બંધને લઈને દેશની અદાલતોએ શું આદેશ આપ્યા છે?બોમ્બે હાઈકોર્ટે ૨૩ ઓગસ્ટે બંધને લઈને નિર્ણય આપ્યો હતો, જેમાં તેણે મહારાષ્ટ્રમાં વિરોધ પક્ષ મહાવિકાસ અઘાડી (MVA) દ્વારા બોલાવવામાં આવેલા બંધ પર પ્રતિબંધ મૂક્યો હતો. બદલાપુર ઘટનાને લઈને મહાવિકાસ અઘાડી બોમ્બે હાઈકોર્ટે બંધનું આહ્વાન કર્યું હતું, જેના પર હાઈકોર્ટે કહ્યું હતું



કે કોઈપણ રાજકીય પક્ષના બંધને મંજૂરી નથી. હાઈકોર્ટે સરકારને નિર્દેશ આપ્યો હતો કે જો કોઈ આવું કરવાનો પ્રયાસ કરે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.આ પછી એડવોકેટ સુભાષ ઝા અને ગુણરત્ન સદાવર્તેએ હાઈકોર્ટમાં બે પીઆઈએલ દાખલ કરી હતી, જેમાં મહાવિકાસ અઘાડીને હડતાળ પર જવાની પરવાનગી નકારવાને ગેરકાયદે અને ગેરબંધારણીય ગણાવી હતી. જોકે, કોર્ટના આદેશ બાદ સ્ફછએ આ હડતાળ પાછી ખેંચી લીધી હતી.જુલાઈ ૧૯૯૭માં ભરતકુમાર કે. પાલિચા વિરુદ્ધ કેરળ સરકારના કેસમાં કેરળ હાઈકોર્ટની બેન્ચે કહ્યું હતું કે કોઈપણ રાજકીય પક્ષ કે સંગઠન એવો દાવો કરી શકે નહીં કે તે સમગ્ર રાજ્ય કે દેશમાં ઉદ્યોગ અને વાણિજ્યને લકવાગ્રસ્ત કરી શકે નહીં. તમારા લક્ષ્યોને હાંસલ કરવા માટે રસ્તાને રોકવું યોગ્ય નથી.હાઈકોર્ટે કહ્યું કે આવા દાવા તર્કસંગત નથી. જો કોઈ રાજકીય પક્ષ તેને મૂળભૂત અધિકારો સાથે જોડાયેલો માને છે તો તેને સ્વીકારી શકાય નહીં. કોર્ટે આ બંધને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. કોર્ટે કહ્યું કે આવા બંધનું એલાન કરનાર રાજકીય પક્ષો અને સંગઠનો બંધ દરમિયાન થયેલા નુકસાન માટે સરકાર અને લોકોને વળતર આપવા માટે જવાબદાર રહેશે. આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો અને સુપ્રીમ કોર્ટે ૧૯૯૭માં આ નિર્ણયને યથાવત રાખ્યો હતો.

### વ્યવસ્થા જાળવવા કડક કાર્યવાહી કરવાની ફરજ પડી હતી

## કરોલ બાગમાં સીલિંગ ડ્રાઇવ માટે ગયેલી CRPF ટીમ પર પથ્થરમારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દિલ્હીના કરોલ બાગમાં ગૌશાળા રોડ પર સ્થિત ઘોડે વાલી ગલીમાં ત્યારે હંગામો મચી ગયો જ્યારે કોર્ટના આદેશ બાદ સીઆરપીએફની એક ટીમ સીલ કરવા પહોંચી. અહીં રહેતા લોકોનું કહેવું છે કે તેઓ છેલ્લા ૧૦૦ વર્ષથી અહીં રહે છે, પરંતુ હવે અચાનક તેમના ઘરોને સીલ કરવામાં આવી રહ્યા છે.એક સ્થાનિકે કહ્યું, ‘‘અમારી ઘણી પેઢીઓ અહીં જન્મી છે અને હવે અચાનક આપણે ક્યાં જઈશું?’’ અહીં રહેતા પરિવારોનું કહેવું છે કે, ‘‘અમને અહીં રહેવા દેવો જોઈએ.’’ કહેવામાં આવી રહ્યું છે કે આ આખો વિસ્તાર ઝૂંપડપટ્ટીમાં આવે છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય વિશેષ રવિએ કહ્યું કે એક વ્યક્તિ કોર્ટમાં જાય છે અને તેના માલિક તરીકે દાવો કરે છે અને કોર્ટ તેના પક્ષમાં નિર્ણય આપે છે.



તેમણે કહ્યું કે અધિકારીઓ તેની ચકાસણી માટે અહીં પહોંચ્યા હતા પરંતુ તેઓ કોર્ટના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. સીઆરપીએફના જવાન સીલ કરવા પહોંચ્યા ત્યારે સ્થાનિક લોકોએ તેમના પર પથ્થરમારો કર્યો હતો. આ દરમિયાન એક સબ ઈન્સ્પેક્ટર ઘાયલ થયો હતો, જેને બાદમાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવો પડ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, સીલિંગ ડ્રાઈવ માટે પોલીસ દળો સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા હતા.પોલીસે જણાવ્યું કે આ ઓપરેશન દરમિયાન લોકોને ત્રણ મિલકતોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ દરમિયાન સ્થાનિક લોકોએ પોલીસ અને સીઆરપીએફના જવાનો પર પથ્થરમારો કરતાં પરિસ્થિતિ વધુ વણસી હતી. આ પથ્થરમારામાં એક સબ ઈન્સ્પેક્ટરને સામાન્ય ઈજા થઈ હતી. પોલીસે જણાવ્યું કે આ ઘટના બાદ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.આ ઘટનાનો ૨૪ સેકન્ડનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં કેટલીક મહિલા CRPF જવાનો પીડિતાને ઘટનાસ્થળેથી લઈ જતી જોવા મળી રહી છે. વિડિયોમાં જોઈ શકાય છે કે સ્થિતિ કેટલી તંગ હતી અને સુરક્ષા દળોની મદદથી મહિલાઓને કેવી રીતે બહાર કાઢવી પડી હતી. પોલીસે કહ્યું કે સુરક્ષા માટે કમાન્ડો અને સુરક્ષા કર્મચારીઓની ટીમો સ્થળ પર તૈનાત કરવામાં આવી હતી.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું મોટું નિવેદન

## ભારતમાં દર વર્ષે પાંચ લાખ જેટલા થાય છે માર્ગ અકસ્માત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।




કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ માર્ગ અકસ્માતને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે દર વર્ષે લાખો લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. મોટાભાગના અકસ્માતો રોડ એન્જિનિયરિંગમાં રહેલ ખામીને કારણે થાય છે. ગડકરીએ કહ્યું કે મેં એન્જિનિયરને સલાહ આપતા કહ્યું છે કે હાઈવે પર એવા ડિવાઈડર બનાવવા જોઈએ કે લોકો તે કૂદી ન શકે. તેમણે કહ્યું કે મેં ખૂબ જ ધ્યાનથી જોયું છે કે મોટાભાગના અકસ્માતો રોડ એન્જિનિયરિંગમાં ખામીને કારણે થાય છે, પરંતુ દરેક રોડ અકસ્માત માટે ડ્રાઈવરને જ જવાબદાર ઠેરવવામાં આવે છે પરંતુ એવું નથી. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે ભારતમાં દર વર્ષે પાંચ લાખ જેટલા માર્ગ અકસ્માત થાય છે. તેમાંથી ૧.૫ લાખ લોકો મૃત્યુ પામે છે અને ત્રણ લાખ લોકો ઈજાગ્રસ્ત થયા છે. FICCIના રોડ સેફ્ટી એવોર્ડ્સ અને કોન્કલેવ ૨૦૨૪ને સંબોધતા, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, ભારતમાં યુદ્ધ, આતંકવાદ અને નક્સલવાદ કરતાં વધુ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે.

### હવે મુઇજ્જુની નવી ચાલ!

## માલદીવમાં વિપક્ષે આર્થિક બળવાનો આરોપ લગાવ્યો

। (એજન્સી) માલદીવ, તા.૨૯ ।



માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ વિપક્ષો પર આર્થિક બળવાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. મુઈઝુનું કહેવું છે કે તેમની સરકારને તોડી પાડવાનું કાવતરું કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.અહેવાલ મુજબ, રવિવારે, સરકારી માલિકીની બેંક ઓફ માલદીવ્સ (BML) એ સ્ફઈ એકાઉન્ટ્સ સાથે જોડાયેલા વર્તમાન અને નવા ડેબિટ કાર્ડ્સથી વિદેશી વ્યવહારો પર પ્રતિબંધ મૂક્યો હતો. આ સાથે, સ્ટાન્ડર્ડ અને ગોલ્ડ ક્રેડિટ કાર્ડની માસિક મર્યાદા પણ ઘટાડીને $100 કરવામાં આવી છે. જો કે, આ નિર્ણય થોડા કલાકોમાં પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.મુઈઝુએ સોમવારે રાત્રે સત્તાધારી પીપલ્સ નેશનલ કોંગ્રેસની બેઠકમાં જણાવ્યું હતું કે જેવી પરિસ્થિતિથી તેઓ વાકેફ થયા, તેમણે તેમના મંત્રીઓ સાથે મળીને બેંકના મુદ્દાનો ઉકેલ શોધવા માટે કામ કર્યું. બેંકનો નિર્ણય તેમની સલાહ વિરુદ્ધ હતો. તેમના આદેશ છતાં બેંક ઓફ માલદીવનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. હવે તેની તપાસ કરવામાં આવી રહી છે.પ્રમુખ મુઈઝુએ કહ્યું કે કેટલાક પસંદ કરેલા લોકોએ સંપૂર્ણ વ્યૂહરચનાનાં ભાગરૂપે આર્થિક બળવાનો પ્રયાસ કર્યો. અહીં જે કાંઈ થયું છે, તે આખો મામલો થોડો વિચાર કર્યા પછી સમજાશે. આ, કોઈ શંકા વિના, બળવાનો પ્રયાસ હતો. તેમણે કહ્યું કે ઘણા લોકોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે સરકાર નિયંત્રિત બેંકે આવો નિર્ણય કેમ લીધો?





નવી દિલ્હીમાં IARI PUSA ખાતે કેન્દ્રીય કૃષિ મંત્રી, ખેડૂત કલ્યાણ મંત્રી અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ‘‘એક પેડ મા કે નામ’’ વિશેષ અભિયાન હેઠળ આયોજિત રોપાઓનું વાવેતર કરવા માટેના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

### ફિલ્મ ઉદ્યોગમાં ખળભળાટ

## અભિનેતા-નેતા સહિત અનેક વિરુદ્ધ જાતીય સતામણીની ફરિયાદ

। (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૨૯ ।

જસ્ટિસ હેમા કમિટીના રિપોર્ટ સામે આવ્યા બાદ મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચી ગઈ છે. ઘણી અભિનેત્રીઓએ અભિનેતા-નિર્દેશકો અને ફિલ્મ ઉદ્યોગની મોટી હસ્તીઓ પર શારીરિક અને માનસિક શોષણનો આરોપ લગાવ્યો છે, જેની સાથે ઈન્ડસ્ટ્રીમાં #Meeto 2.O ની શરૂઆત થઈ છે. જસ્ટિસ હેમા કમિટીના રિપોર્ટ બાદ આ મામલે અત્યાર સુધીની આ ત્રીજી FIR છે. એક અભિનેત્રીની ફરિયાદના આધારે જાણીતા મલયાલમ ફિલ્મ અભિનેતા અને માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (CPI-M) ના ધારાસભ્ય મુકેશ એમ વિરુદ્ધ બળાત્કારનો કેસ નોંધવામાં આવ્યો છે. અભિનેત્રી મીનુ મુનીરે ઘણા વર્ષો પહેલા મુકેશ એમ પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. કેરળ પોલીસે ગુરુવારે જણાવ્યું હતું કે, કોલ્લમ મતવિસ્તારના સીપીઆઈ(એમ) ધારાસભ્ય, અભિનેતા મુકેશ વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. અભિનેત્રીની ફરિયાદના આધારે FIR નોંધવામાં આવી હતી. પોલીસે એ પણ કહ્યું કે એ જ અભિનેત્રીની ફરિયાદ પર અભિનેતા જયસૂર્યા વિરુદ્ધ કલમ ૩૫૪ હેઠળ બીજી એફઆઈઆર નોંધવામાં આવી છે.

### ઝેલેન્સ્કી બિડેન સમક્ષ શાંતિ યોજના રજૂ કરશે

## રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા કૂટનીતિનો આશરો લેશે!

। (એજન્સી) યુક્રેન, તા.૨૯ ।



રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લઈને દુનિયાભરમાં ચર્ચા ચાલી રહી છે. આ યુદ્ધને સમાપ્ત કરવા માટે, વિવિધ યોજનાઓ પર ઘણી વખત ચર્ચા કરવામાં આવી છે, ઘણા મોરચે. હવે ઝેલેન્સકી પોતે આ યુદ્ધને રોકવા માટે રાજદ્વારીનો સહારો લેવાનું વિચારી રહ્યા છે. હકીકતમાં, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સકીએ મંગળવારે કહ્યું હતું કે રશિયા સાથે યુદ્ધ આખરે વાટાઘાટો દ્વારા સમાપ્ત થશે, પરંતુ કિવને મજબૂત સ્થિતિમાં રહેવું પડશે. આ માટે તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સમક્ષ એક યોજના રજૂ કરશે. મીડિયા સાથેની વાતચીત દરમિયાન, ઝેલેન્સકીએ કહ્યું કે કિવની ત્રણ સપ્તાહ જૂની રશિયાના કુર્સ્ક ક્ષેત્રમાં ઘૂસણખોરી તેની યોજનાનો એક ભાગ હતો. જોકે, તેમણે આર્થિક અને રાજદ્વારી મોરચે અન્ય જરૂરી પગલાં લેવાની વાત પણ કરી હતી.ઝેલેન્સકીએ કહ્યું, ‘આ યોજનાની મુખ્ય વસ્તુ રશિયાને યુદ્ધ સમાપ્ત કરવા દબાણ કરવું છે.’ તેમણે તેમના આગામી પગલા અંગે વિસ્તૃત માહિતી આપી ન હતી, પરંતુ કહ્યું હતું કે તેઓ આ યોજના અંગે કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પણ ચર્ચા કરશે. ઝેલેન્સકીએ કહ્યું કે તેઓ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાગ લેવા માટે સપ્ટેમ્બરમાં યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત લેવાની આશા રાખે છે. જ્યાં તે બિડેનને મળી શકે છે.બીજી બાજુ, રશિયાના વિદેશ પ્રધાન સર્ગેઈ લવરોવે તાજેતરમાં કહ્યું હતું કે યુક્રેન દ્વારા ૬ ઓગસ્ટે રશિયાના કુર્સ્ક ક્ષેત્રમાં મોટી સીમા પારથી ઘૂસણખોરી શરૂ કર્યા પછી વાતચીતનો કોઈ પ્રશ્ન નથી.ઝેલેન્સકીએ કહ્યું, ‘પુતિન સાથે કોઈ સમજૂતી થઈ શકે નહીં, કારણ કે તેઓ રાજદ્વારી રીતે યુદ્ધનો અંત લાવવા માંગતા નથી.’ યુક્રેનિયન નેતાએ એમ પણ કહ્યું કે કિવ તેના સ્થાનિક શસ્ત્રોના ઉત્પાદનમાં પ્રગતિ ચાલુ રાખી રહ્યું છે.

### જમાત-એ-ઈસ્લામી પરનો પ્રતિબંધ હટાવ્યો

## બાંગ્લાદેશની વચગાળાની સરકારે શેખ હસીનાના નિર્ણયને ફેરવ્યો

। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૨૯ ।

બાંગ્લાદેશ સરકારે બુધવારે જમાત-એ-ઈસ્લામી પાર્ટી પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાએ તેમના શાસન વિરુદ્ધ દેશવ્યાપી વિરોધ દરમિયાન તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. હસીનાની સરકારે પાર્ટી પર પ્રતિબંધ મૂક્યો હતો, તેને ‘ઉગ્રવાદી અને આતંકવાદી’ સંગઠન ગણાવ્યું હતું અને તેની વિદ્યાર્થી પાંખ અને અન્ય સંલગ્ન સંગઠનોને સરકારી નોકરીઓમાં અનામત પ્રણાલી પર આંદોલન કરવા માટે દોષી ઠેરવ્યા હતા. યુએનના અંદાજ મુજબ, હસીનાની સરકાર દ્વારા હિંસક વિરોધ પ્રદર્શનો અને ક્રેકડાઉનમાં ૬૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. ગૃહ મંત્રાલયે બુધવારે પાર્ટી પરનો પ્રતિબંધ હટાવી લીધો હતો, જેનાથી તેની પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવાનો માર્ગ મોકળો થયો હતો. ચૂંટણી લડવા માટે તેણે ચૂંટણી પંચમાં નોંધણી કરાવવી પડશે.પાર્ટી નેતૃત્વ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી. જમાત-



એ-ઈસ્લામીને ૨૦૧૩ થી ચૂંટણીમાં ભાગ લેવા પર પ્રતિબંધ છે, જ્યારે પંચે તેનું રજીસ્ટ્રેશન રદ કર્યું હતું અને હાઈકોર્ટે નિર્ણયને યથાવત રાખ્યો હતો. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે પાર્ટીએ ધર્મનિરપેક્ષતાનો વિરોધ કરીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે.બાંગ્લાદેશના કાયદાકીય બાબતોના સલાહકાર આસિફ નઝરુલે કહ્યું કે હસીના સરકારનો પ્રતિબંધ રાજકીય રીતે પ્રેરિત હતો અને કોઈ વિચારધારા પર આધારિત નથી. હસીનાના હરીફ ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાની આગેવાની હેઠળની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના જનરલ સેક્રેટરી મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીરે પણ પ્રતિબંધ માટે અગાઉની સરકારને જવાબદાર ઠેરવી હતી.બાંગ્લાદેશની રખેવાળ સરકારે અલ-કાયદા સાથે જોડાયેલા આતંકવાદી સંગઠન અંસારુલ્લાહ બાંગ્લા ટીમ (એબીટી)ના વડા જશીમુદ્દીન રહેમાનીને મુક્ત કર્યા છે. આ પ્રકાશન ભારતની સમસ્યાઓમાં વધારો કરી શકે છે, જ્યાં આતંકવાદી જૂથ સ્લીપર સેલની મદદથી જેહાદી નેટવર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.જશીમુદ્દીન રહેમાનીને સોમવારે પેરોલ પર મુક્ત કરવામાં આવ્યો હતો. તે બ્લોગર રાજીબ હૈદરની હત્યાના કેસમાં જેલમાં હતો. તેને ગાઝીપુરની કાશીપુર હાઈ સિક્યોરિટી સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. તે બાંગ્લાદેશના આતંકવાદ વિરોધી કાયદા હેઠળ પણ આરોપોનો સામનો કરી રહ્યો હતો. તેની આગેવાની હેઠળના સંગઠન સાથે જોડાયેલા ઘણા આતંકવાદીઓની ભારતમાં અગાઉ ધરપકડ કરવામાં આવી છે.

## તળાવમાંથી મળ્યો બાંગ્લાદેશી મહિલા પત્રકારનો મૃતદેહ

। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૨૯ ।

બુધવારે બાંગ્લાદેશના એક તળાવમાંથી ૩૨ વર્ષીય મહિલા પત્રકારનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, મૃતકની ઓળખ સારા રહનુમા તરીકે થઈ છે, જે બંગાળી ભાષાની ન્યૂઝ ચેનલમાં ન્યૂઝરૂમ એડિટર હતી. બુધવારે વહેલી સવારે રહનુમાનો મૃતદેહ ઢાકાના હતિરખીલ તળાવમાંથી મળી આવ્યો હતો. એક રાહદારીએ, જેણે તેને તે હાલતમાં જોયો, તેણે મૃતદેહને તળાવમાંથી બહાર કાઢ્યો અને તેને ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલ લઈ ગયો. જો કે, સ્થાનિક સમય અનુસાર લગભગ ૨ વાગ્યે ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલ પોલીસ ચોકીના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર બચ્ચુ મિયાંએ તેનો મૃતદેહ મળી આવ્યો હોવાની પુષ્ટિ કરી હતી. તેમના મૃત્યુ પહેલા, રાહનુમાએ મંગળવારે રાત્રે તેની ફેસબુક પ્રોફાઈલ પર બે રહસ્યમય પોસ્ટ્સ કરી હતી. એક ૧૦:૨૪ વાગ્યે અને બીજો ૧૦:૩૬ વાગ્યે. બીજી પોસ્ટમાં તેણે ફહીમ ફૈઝલ નામના વ્યક્તિને ટેગ કર્યા હતા.બીજી પોસ્ટમાં તેણે પોતાની અને ફૈઝલની તસવીરો પોસ્ટ કરી હતી, જેમાં બંનેએ બાંગ્લાદેશના ધ્વજની પટ્ટીઓ પહેરી હતી.

## તંત્રી લેખ...

# ભારત વિશે દૂરના ભવિષ્યની આગાહી કરવાની ફેશન ચાલુ

આજકાલ દુનિયાભરમાં ભારત વિશે દૂરના ભવિષ્યની આગાહી કરવાની ફેશન ચાલુ થઈ છે. જોકે ફેશનને આપણી સરકારે પ્રોત્સાહન આપીને આગળ વધારી છે. બહુ દૂરના ભવિષ્ય સાથેનું અનુસંધાન અને એ દૂરનાં સપનાઓ મનુષ્યને વર્તમાનના વિષાદલોકમાંથી બહાર લાવવામાં ઉપયોગી પુરવાર થાય છે - એ થિયરીને આધારે આ આખું નાટક ચાલે છે. ભારતે વિશ્વગુરૂ બનવું કે ભારતે મહાસત્તા બનવું કે સર્વશ્રેષ્ઠ અર્થવ્યવસ્થા તરીકે પ્રગટ થવું - આ બધી જ દંતકથાઓ છે, પરંતુ છતાં એ ગાથાઓ ચોક્કસ યોજનાપૂર્વક હવે આંતરરાષ્ટ્રીય તખ્તા પર વહેતી થયેલી છે. આ બધામાં ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડ મેન સૅક્સની આગાહી જુદા જ પ્રકારનો પડઘો પાડે છે. ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સૅક્સની આગાહી મુજબ, ભારત ૨૦૭૫ સુધીમાં યુનાઈટેડ સ્ટેટ્સને પાછળ છોડીને વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. એ અહેવાલમાં જણાવાયું છે કે જો શ્રમદળના ભાગીદારી દરમાં વધારો નહીં થાય તો ભારતના આર્થિક વિકાસ માટે મુખ્ય નુકસાનનું જોખમ રહેશે. ભારત અત્યારે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આંતરરાષ્ટ્રીય નાણાંકીય એજન્સીઓ પહેલેથી જ આગાહી કરી ચૂકી છે કે વિશ્વમાં આર્થિક મંદીનો સમયગાળો આવવાનો છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશને તાજેતરમાં આગાહી કરી હતી કે આગામી ચાર વર્ષમાં વિશ્વના અર્થતંત્રમાં ચાર ટ્રિલિયન ડોલરનો ઘટાડો થઈ શકે છે અને વિશ્વની અર્થવ્યવસ્થા માત્ર રોલિંગથી જ વધશે અને નભશે. વિશ્વ વેપાર સંગઠને આગામી દિવસોમાં વેપારની ગતિમાં ઘટાડો થવાની અને આગામી વર્ષમાં તેની ગતિ વધુ ધીમી થવાની આગાહી પણ કરી હતી. ગોલ્ડમેન સૅક્સની આગાહીને આગળ ધપાવનારાં પરિબળોમાં અનુકૂળ વસ્તી વિષયક નીતિ, નવીનતા અને ટેકનોલોજી, ઉચ્ચ મૂડી રોકાણ અને વધતી જતી શ્રમ ઉત્પાદકતા છે. ભારતના અર્થશાસ્ત્રી શાંતનુ સેનગુપ્તાના મતે, નવીનતા, વધતી જતી શ્રમ ઉત્પાદકતા અને મૂડી રોકાણ પણ આગળ જતાં વિકાસ માટે મહત્વપૂર્ણ ચાલક બનશે. અહેવાલ નવીનતા અને શ્રમ ઉત્પાદકતા વધારવાના મહત્ત્વને પ્રકાશિત કરે છે, જે શ્રમ અને મૂડીના એકમ દીઠ ઊંચા ઉત્પાદનમાં ફાળો આપશે. મૂડી રોકાણ એ બીજું મહત્ત્વનું ચાલક છે, કારણ કે નિર્ભરતા ગુણોત્તરમાં ઘટાડો, આવકમાં વધારો અને વધુ વિકસિત નાણાકીય ક્ષેત્ર સાથે ભારતના બચત દરમાં વધારો થવાની ધારણા છે. સેનગુપ્તા માને છે કે ભારતમાં ખાનગી કોર્પોરેટ અને બેંકોની તંદુરસ્ત બેલેન્સશીટ જોતાં, ખાનગી ક્ષેત્રના મૂડી ખર્ચ ચક્ર માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે દક્ષિણ એશિયાની અન્ય અર્થવ્યવસ્થાઓ કરતાં ભારતે ઘણું સારું કામ કર્યું છે. દક્ષિણ એશિયામાં વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી હેન્સ ટિમરે પણ કહ્યું છે કે ભારત, ખાસ કરીને કેન્દ્રીય બેંક પાસે પુષ્કળ અનામત છે, જે ખૂબ મદદરૂપ સાબિત થશે. દરેક વ્યક્તિને સારી GST કલેક્શન પ્રક્રિયા અને સરળ અને પારદર્શક કરવેરાનો લાભ મળી રહ્યો છે.

# લોકોએ કલ્પના પણ ના કરી હોય એવો વરસાદ પડતાં હાલત ખરાબ થઈ

ગુજરાતમાં ચોમાસું બરાબર જામી ગયું છે અને લોકોએ કલ્પના પણ ના કરી હોય એવો વરસાદ પડતાં હાલત ખરાબ થઈ ગઈ છે. ગુજરાતમાં છેલ્લા ૩ દિવસથી વરસી રહેલા મુશળધાર વરસાદના કારણે મોટા ભાગના જિલ્લા પૂરની લપેટમાં આવી ગયા છે. જન્માષ્ટમીના દિવસે લોકો ફરવા નીકળે ને મજા કરે પણ આ વખતે વરસાદના કારણે જન્માષ્ટમીએ પણ લોકોએ ઘરમાં ભરાઈ રહેવું પડ્યું. વરસાદના પહેલા રાઉન્ડમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ઠેર ઠેર પાણીમાં ગામેગામ ડૂબી ગયાં હતાં. હવે મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં એ હાલત છે. વરસાદના કારણે સૌરાષ્ટ્ર આખું ડૂબી ગયું હોય એવી હાલત છે તો મધ્ય ગુજરાતમાં પણ વડોદરા સહિતનાં શહેરો તો જળબંબાકાર થઈ ગયાં છે. વડોદરા તો એક દિવસ પડેલા દેમાર વરસાદમાં આખું ડૂબી ગયું હતું ને તેની કળ વળ તે પહેલાં તો ફરી વરસાદે બીજો રાઉન્ડ શરૂ કરી દેતાં વડોદરાની હાલત પાછી બગડી ગઈ છે. અમદાવાદમાં આ સિઝનમાં બહુ વરસાદ નહોતો પડ્યો પણ આ વખતે અમદાવાદે પણ દેમાર વરસાદ જોઈ લીધો. અમદાવાદમાં વરસાદના કારણે લોકોએ ઘરમાં ભરાઈ રહેવું પડે એવું ભાગ્યે જ બનતું હોય છે પણ આ વખતે સળંગ બે દિવસ અમદાવાદીઓએ ઘરમાં ભરાઈ રહેવું પડ્યું. ગુજરાતમાં વરસાદના કારણે ૨૦થી વધારે લોકોનાં મોત થયાં છે અને કરોડોનું નુકસાન થયું છે. આખા ગુજરાતમાં ટ્રાન્સપોર્ટેશન સેવાઓ ખોરવાઈ છે. સ્કૂલ-કોલેજો પણ બંધ છે. સાર્વત્રિક વરસાદના કારણે ૧ હજારથી વધુ રૂટ પર બસો રદ કરવામાં આવી છે અને ૪ હજારથી વધુ ટ્રીપ પણ મુલતવી રાખવામાં આવી છે. અનેક વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે. રેલવેએ ટ્રેનોના રૂટ બદલવા પડ્યા છે અને ઘણી ટ્રેનો કેન્સલ કરવામાં આવી છે. સંખ્યાબંધ ફ્લાઈટ મોડી પડી છે. રાજ્યમાં ઘણી જગ્યાએ પાણી ઓસર્યા ન હોવાથી લોકો ઘરમાં ભરાઈને દિવસો કાઢી રહ્યા છે. ગુજરાતીઓએ સળંગ દિવસ સુધી વરસાદનો ઝંઝાવાત જોયો ને હવે રાહતના સમાચાર એ છે કે, ગુરૂવારથી વરસાદ વિરામ લેવાનો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુરૂવારે સવાર સુધીમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારો પર સર્જાયેલું ડીપ ડિપ્રેશન વિસ્તારોમાંથી બહાર નીકળીને પાકિસ્તાન તરફ આગળ વધશે તેથી હવે પાકિસ્તાનનો વારો પડવાનો છે. ગુજરાતમાં વરસાદે બોલાવેલી ધડબડાટીના કારણે એ જ જૂની સમસ્યા તરફ પાછું ધ્યાન ગયું છે. મતલબ કે, વરસાદ ના પડે ત્યારે ગુજરાત પાણીની અછતથી ત્રસ્ત હોય ને વરસાદ આવે ત્યારે પાણીનું શું કરવું તેની સમસ્યાથી ત્રસ્ત હોય. ગુજરાતમાં જેવી વરસાદની રમઝટ બરાબર જામવા માડે કે તરત જ પાણી ભરાવાની ને લોકોના ફસાવાની સમસ્યા શરૂ થઈ જાય છે. અઠવાડિયું વરસાદ પડે તેમાં તો પાણીનો નિકાલ કઈ રીતે કરવો તેની ખબર જ ના પડે એવી હાલત થઈ જાય છે અને અત્યારે એ જ સ્થિતિ છે. દેમાર વરસાદને કારણે લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે અને પાણીનો નિકાલ કેમ કરવો તેની સૂઝ પડતી નથી. આ સ્થિતિ વરસોથી છે ને ગુજરાત સરકારે આ વાતને હવે ગંભીરતાથી લેવાની જરૂર છે. આ વાત માત્ર ગુજરાતની નથી પણ આખા દેશની છે. ગુજરાતની જેમ જ્યાં પણ વરસાદ પડે છે ત્યારે આ જ સ્થિતિ સર્જાય છે છતાં આપણે કશું કરી શકતા નથી કેમ કે આપણે વોટર મેનેજમેન્ટમાં સાવ કાચા સાબિત થયા છીએ. વરસાદી પાણી આવવાનું છે એ સનાતન સત્ય હોવા છતાં વરસાદી પાણીનો બે-ચાર કલાકમાં નિકાલ થઈ જાય ને ભવિષ્યમાં તેનો ઉપયોગ લોકોના ભલા માટે કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા આપણે કરી શક્યા નથી એ જ કડવી વાસ્તવિકતા છે.

જૂનાગઢનું નામ આવે એટલે એક તો ગિરનાર યાદ આવે, અને બીજું ભક્ત કવિ નરસિંહ યાદ આવે

# ભવનાથ મંદિર એટલે જ્યાં સ્વયં શિવજી એ અહીં સમાધિ લીધી હતી તો, આ મંદિર સતયુગથી છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભવનાથમાં બે શિવલિંગ આવેલાં છે, અને નાનાં સ્વયંભૂ એક શિવલિંગમાં નાના-નાના દાણા જેવા ઉપસી આવેલા ભાગ છે, અને પ્રત્યેક ભાગ પર ઓમકાર લખેલું છે, જ્યારે બીજું મોટું શિવલિંગ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા એ કુરુક્ષેત્રનું યુદ્ધ જીતવા માટે તેની પ્રતિષ્ઠા કરી હતી, તળેટીમાં આવેલું ભવનાથનું મંદિર જુનાગઢ શહેરથી ૭ કિલોમીટરના અંતરે આવેલું છે.**

શ્રાવણ ભક્તિભાવથી ભરપૂર લોકમાનસમાં હિલોળા લેતો અંત તરફ આગળ વધી રહ્યો છે, અને માત્ર ગણતરીનાં દિવસોમાં શ્રાવણ પૂરો થશે! ભક્તિને નામે કંઈ જ એવું ન કરવાં છતાં લોકો પોતે એક એક મહિનાથી આમ કર્યું! તેમ કર્યું! એવાં ગાણાં ગાશે. મહાદેવ ભોળાનાથ સૌ કોઈની મનોકામના પૂરી કરે છે, માટે અહીં અભણથી અભણ, ગમાર ભક્તો પણ આવે છે, અને સાક્ષર ભક્તો પણ આવે છે. આજે તો હવે લોકોની બૌદ્ધિકતાનો અંક બહુ જ ઉપર ગયો છે, એમાં પણ ખાસ કરીને ચતુરાઈ અને હોશિયારીનો આ યુગ હોવાથી સૌ કોઈ સાક્ષર છે. પરંતુ ભગવાન પાસે પ્રાર્થના કરવાની હોય તો આપણું તમામ પ્રકારનું અભિમાન મૂકી, અને રંક ભાવે પ્રાર્થના કરવામાં આવે તો એ વધુ ઝડપથી સાંભળે છે. આજે આપણે સૌરાષ્ટ્રના જૂનાગઢના પ્રસિદ્ધ મહાદેવ ભવનાથની વાત કરવા જઈ રહ્યા છીએ. લગભગ આ નામથી તો સૌ કોઈ પરિચિત હશે, કારણકે જુનાગઢનું ભવનાથનું મંદિર ખૂબ જ પ્રસિદ્ધ છે, અને અહીં શિવરાત્રીના મેળામાં તેમજ લીલી પરિક્રમા વખતે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે, ત્યારે આ મંદિર પર ધ્વજારોહણ થતું હોવાથી બધાં જ આ મંદિરથી પરિચિત હશે. જૂનાગઢનું નામ આવે એટલે એક તો ગિરનાર યાદ આવે, અને બીજું ભક્ત કવિ નરસિંહ યાદ આવે. ગિરિ તળેટીમાં આજે પણ તેની ચેતના અમર રીતે ફરી રહી છે, અને આપણી ચેતના સાથે તેનું જોડાણ પણ આપણે અનુભવી શકીએ છીએ. કરતાલનો મધુર અવાજ પણ સંભળાતો હોય એવી અનુભૂતિ, આજે ૬૦૦ વર્ષ પછી પણ આપણને થાય છે. ગિરનાર એ એક અત્યંત પવિત્ર ધામ છે, અને આધ્યાત્મિક સાધના કરવા માટે અતિ ઉત્તમ છે. કોઈ જટાળો જોગી આરામ ફરમાવતો હોય એ રીતની તેની ભૌગોલિક રચના પણ છે. કહેવાય છે કે આજે પણ ગિરનારમાં ૯ નાથ, ૬૪ જોગણી, ૮૪ સિદ્ધ અને ૫૨ વીરનો મુકામ કાયમ છે,અને એટલે જ અતિ પ્રાચીન હોવા છતાં આજે પણ અડીખમ ઉભો છે, સંસ્કૃતિ પ્રમાણે તો એ હિમાલયનાં પણ દાદા છે એવું કહેવાય છે. જુનાગઢ પોતે ગિરનાર, મૃગીકુંડ, અને નરસિંહ મહેતા,અને ભવનાથ જેવા કેટલાય સ્વયંભૂ શિવલિંગ માટે જાણીતું છે,તેમજ કાર્તિક શુક્લમાં લીલી પરિક્રમા તેમજ શિવરાત્રીના મેળા માટે ખૂબ જ પ્રખ્યાત છે. ભવનાથમાં બે શિવલિંગ આવેલાં છે, અને નાનાં સ્વયંભૂ એક શિવલિંગમાં નાના-નાના દાણા જેવા ઉપસી આવેલા ભાગ છે, અને પ્રત્યેક ભાગ પર ઓમકાર લખેલું છે. જ્યારે બીજું મોટું શિવલિંગ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા એ કુરુક્ષેત્રનું યુદ્ધ જીતવા માટે તેની પ્રતિષ્ઠા કરી હતી. તળેટીમાં આવેલું ભવનાથનું મંદિર જુનાગઢ શહેરથી ૭ કિલોમીટરના અંતરે આવેલું છે, અને રેલવે સ્ટેશનથી આશરે ૫ કિલોમીટરનો રસ્તો થાય છે. અહીંથી પછી ગિરનાર ચડવાવાળા ભવનાથના દર્શન કરી આગળ જાય છે. ભવનાથના મંદિર સાથે પણ પૌરાણિક કથા જોડાયેલી છે. એકવાર ભગવાન શંકર પૃથ્વી પર સમાધિ સ્થળ શોધી રહ્યાં હતાં, અને તેમને ગિરનાર પસંદ આવી જતાં તેઓ અહીં સમાધિમાં બેસી ગયાં. પાર્વતીજીને આ વાતની જાણ નહોતી. કેટલાય વર્ષો રાહ જોઈ, છતાં ભગવાન આવ્યાં નહીં, આથી નારદ મુનિને શિવજીની તપાસ માટે પૃથ્વી પર મોકલ્યાં, નારદ મુનિએ માતા પાર્વતીને ગિરનાર પંથકમાં મહાદેવ બિરાજમાન છે, તેની જાણકારી મા પાર્વતી ને આપે છે, અને પાર્વતી સ્વયં પોતે આવે છે, અને ભગવાનને પાછા આવવા માટે ખૂબ જ સ્તુતિ પ્રાર્થના કરે છે. પરંતુ સમાધિ છૂટતી નથી, આથી તેત્રીસ કરોડ દેવતા આવીને ભગવાનની સમાધી છૂટે એ માટે પ્રયત્ન કરે છે, અંતે ભગવાન ભવનાથ સ્વરૂપે પ્રગટ થાય છે, અને શિવ-પાર્વતીનું મિલન થાય છે. મહાભારત કાળની વાત કરીએ તો તે આજથી ૫૦૦૦ વર્ષ પૂર્વેની વાત છે, એટલે દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા એ આ શિવલિંગની સ્થાપના કરી હોય તો, એ લીંગ પણ આશરે ૫૦૦૦ વર્ષ પ્રાચીન છે એમ કહી શકાય. આ ઉપરાંત મૃગી કુંડનો પણ ઈતિહાસ બતાવવામાં આવ્યો છે કે, શિવ પાર્વતી ફરતા-ફરતા ગિરનાર પાસેથી પસાર થાય છે, ત્યારે પોતાના વસ્ત્રો ફેંકે છે, અને અહીં સુવર્ણ રેખા નદી મધ્ય આવેલ આ મૃગીકુંડની રચના થાય છે. શિવરાત્રિના મેળામાં આવતા અઘોરીઓ તેમજ નાગાબાવાઓ મૃગીકુંડમાં સ્નાન કરી પછી જ શિવરાત્રીનાં મેળામાં પ્રવેશ કરે છે, તેમજ પાછા ફરતી વખતે મૃગીકુંડમાં ડૂબકી મારીને અલોપ થઈ જાય છે. એટલે આ પણ એક રહસ્યમય ઘટના છે કે, ક્યાંથી આવ્યા અને ક્યાં ગયાં? તે કોઈ કહી શકતું નથી. કહેવાય છે કે ભગવાન શંકર સ્વયં પોતે શિવરાત્રીના મેળામાં પ્રત્યક્ષ હાજરી આપે છે. શિવરાત્રિએ રાત્રે ૧૨ વાગ્યે નાગા બાવા સાધુઓનું સરઘસ નીકળે છે. આ સરઘસમાં પહેલી પાલખી ભગવાન ગુરૂ દતાત્રેયની હોય છે.ત્યારબાદ અન્ય અખાડાઓની પાલખીઓ સાથે જુદા જુદા સ્થળોએથી આવેલા સાધુઓ જોડાય છે. નાગા સાધુઓ તલવાર, લાકડી, ભાલાઓ સાથે વિવિધ કરતબો કરતાં દ્રશ્યમાન થાય છે. છેલ્લે સરઘસ ભવનાથ મંદિરના પટાંગણમાં દાખલ થઈને મૃગીકુંડ સુધી આવે છે. નિયત કરેલા સમય મુજબ સાધુ-સંતો મૃગીકુંડમાં સ્નાન કરે છે. ત્યારબાદ સૌ ભવનાથ મહાદેવની મહાઆરતી તેમજ પુજાઅર્ચના કરે છે. નાથસંપ્રદાયના સાધુઓ હાથમાં મશાલ લઈને નીકળે છે, ત્યારે અદભૂત દ્રશ્ય સર્જાય છે. સુવર્ણરેખા નદીની મધ્યમાં આવેલા પુરાણ પ્રસિધ્ધ મૃગીકુંડના કિનારે આવેલ આ શિવલિંગનો ઈતિહાસ રાજા ભોજના સમય સુધી જાય છે. થોડા વર્ષ પહેલા જ્યારે આ મંદિરનો જીર્ણોધ્ધાર થતો હતો, ત્યારે તેના પાયા નજીકથી ૮-૧૦ ફૂટ ઊંડે સુંદર અને સૂક્ષ્મ કોતરણી વાળા શિલાખંડો મળી આવ્યા હતા. જે દર્શાવે છે કે ભૂતકાળમાં આ મંદિર ભવ્ય જાહોજહાલી ધરાવતું હશે.કાળક્રમે કુદરતી હોનારત કે આક્રમણનો ભોગ બનીને મંદિર કદાચ ધ્વસ્ત થયું હશે. હાલમાં આવેલું ભવનાથ મંદિરનો જીણોદ્ધાર ૨૦૦૧ના ધરતી કંપ પછી થયો છે, એ જીર્ણોદ્ધાર થયેલું સ્વરૂપ આપણે દર્શન અર્થે જઈએ ત્યારે જોવા મળે છે, પરંતુ તેના ઈતિહાસના છેડાઓ કઈ કેટલાય પ્રાચીન છે, તે આપણે જોયું. સ્વયં શિવજી એ અહીં સમાધિ લીધી હોય તો, આ મંદિર આશરે સતયુગનું એટલે કે ઘણું એટલે ઘણું પ્રાચીન છે. આપણે સૌ કેટલા ભાગ્યશાળી કે આવા પ્રાચીન મંદિરનાં ઈતિહાસ સાથે આપણે સંકળાયેલા છીએ, અને આપણે તેના દર્શન પણ કરી શકીએ છીએ. આમ તો ગિરનાર પોતે જ એક શિવલિંગ કે શંકરનું સ્વરૂપ છે, અને તેના ભૂગર્ભમાં પણ શિવની જેમ આપણી માટે સદાય કલ્યાણની ધારા વહે છે. જે કેટલાય કુદરતી સંકટોનો સામનો ખુદ કરી આપણને તેનાથી બચાવે છે. આ ઉપરાંત ભગવાન દત્તાત્રેયની વાત પણ ગિરનાર સાથે જોડાયેલી છે, અને દત્તાત્રેયની ટૂંક પણ ગિરનારમાં આવેલી છે. કહેવાય છે કે ભગવાન દત્તાત્રેય પાંચ કે છ દિવસ અહીં રહ્યા હતા, અને તેઓ ગિરનાર આસપાસ ફર્યા હતા, એટલે ભકતો ભગવાન દત્તાત્રેયની સ્મૃતિમાં લીલી પરિક્રમાનો ઉત્સવ ઊજવે છે. શિવરાત્રીના મેળાનો પ્રારંભ મહા વદ નોમથી શરૂ થાય છે અને ભવનાથ પર ધ્વજા રોહણ કર્યા પછી, શિવરાત્રીના મેળાનો પ્રારંભ થાય છે તે મહાશિવરાત્રી સુધી આ ઉત્સવ ચાલે છે અને કઈ કેટલાય અખાડાઓમાં શિવ પ્રેમીઓ આવે છે અને ભાવિક ભક્તો પણ આ મેળાનો લાભ તેમજ આ બધું નજરે નિહાળવાનો લ્હાવો લેવા આવતા હોય છે. આ મંદિરમાં કોઈ રહેઠાણની વ્યવસ્થા નથી, પરંતુ આ મંદિર આસપાસ ૬૦ જેટલી ધર્મશાળાઓ આવેલી છે, અને ત્યાં આગળ રોકાણ કરી શકાય તેવી વ્યવસ્થા પણ છે, અને બે વાર ભોજનની પણ વ્યવસ્થા આ આશ્રમો કે ધર્મશાળાઓમાં કરવામાં આવી છે. આપણે સૌ આવા પ્રાચીન મંદિરના દર્શને જઈ શકીએ, એ માટે કાળ રૂપી રાક્ષસનો મહાકાળ જ ખાત્મો કરી શકે તેમ છે. તેના ચરણોમાં નિત્ય શુભ મંગલની પ્રાર્થના કરીએ, બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

શ્રાવણ માસમાં શિવ મહિમા -૨૪ કાશી વિશ્વનાથ મંદિર હિંદુ ધર્મનું સૌથી જાણીતું મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે

# વારાણસીનું કાશી વિશ્વનાથ જ્યોર્તિલિંગનું મહાત્મ્ય જાણીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આ વારાણસીમાં શ્રી વિશ્વેશ્વર જ્યોર્તિ લિંગ પણ અસ્તિત્વ ધરાવે છે, ભારતના ટોચના દ્વાદશ એટલે કે બાર જ્યોર્તિલિંગમાં ઉત્તરપ્રદેશ ના કાશી અર્થાત વારાણસીમાં એક માત્ર જ્યોર્તિલિંગ આવેલું છે, આ ભારતનું એક અત્યંત પ્રાચીન તીર્થ સ્થળ છે જ્યાં ગંગા વહે છે, અહીં વારૂણી અને એંશી નદીઓનું ગંગાજીમાં મિલનનું સંગમ સ્થળ હોવાથી આ તીર્થ ભૂમિને વારાણસી તરીકે પ્રસિધ્ધિ મળી છે.**

શ્રાવણ માસ આરાધના ઉપાસના અભિષેકના ભક્તિભર્યા માહોલમાં મેઘરાજાની પધરામણીથી હર્ષોલ્લાસ સાથે પુરો થવા આવ્યો ક્યાંક સારા વાવડ મળે એટલે હૃદય મનમાં એક આશાની લહેરખી ફરકી જાય છે કે હવે તો જરૂર મેઘરાજાએ મહેરબાની કરી છે. આજે આપણે શ્રાવણ માસના શિવ મહિમામાં કાશી વિશ્વનાથ જયોર્તિલિંગ નું મહાત્મ્ય જાણીએ. કાશી વિશ્વનાથ મંદિર હિંદુ ધર્મનું સૌથી જાણીતુ મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે. તે વારાણસી, ઉત્તર પ્રદેશમાં આવેલું છે. આ મંદિર પવિત્ર નદી ગંગાના જમણા કાંઠે આવેલી છે અને બાર જ્યોતિર્લિંગો માંનું એક છે. અહીંના મુખ્યદેવ વિશ્વનાથ અથવા વિશ્વેશ્વરા તરીકે જાણીતા છે, જેનો અર્થ વિશ્વના નાશ થાય છે. વારાણસી શહેર કાશી તરીકે જાણીતું છે, એટલે આ મંદિર કાશી વિશ્વનાથ મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિરમાં ભગવાનનું શિવ લિંગ મનોવાંછિત ફળદાયક માનવામાં આવે છે .મંદિરનું નિર્માણ દેવીશ્રી અહિલ્યાબાઈ હોલકરજી એ ૧૭૮૯માં કરાવ્યું હતું. મહેશ્વરના બધા શિવાલયોમાં સૌથી મોટું હિંદુ ધર્મ માટે ખૂબ જ ખાસ છે. આ મંદિર વારાણસીમાં સ્થિત છે. માન્યતા છેકે કાશી ભગવાન શિવના ત્રિશૂળ ઉપર ટકેલું છે. કાશી પુરાતન સમયથી જ અધ્યાત્મનું કેન્દ્ર રહ્યું છે. શિવ લિંગ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત છે. કાશી વિશ્વનાશજ્યોતિર્લિંગ: કાશી વિશ્વનાથ મંદિર ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગમાંથી એક છે. આ મંદિર માન્યતાઃ કહેવાય છે કે મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત શિવલિંગ કાશીના મંદિરમાં સ્થાપિત થવાનું હતું, પરંતુ સંયોગવશ મહેશ્વર પહોંચી ગયું. મહેશ્વર શિવલિંગ આવી જવાથી દેવીશ્રી તેની સ્થાપના કરી. મંદિર કાળા પત્થરો દ્વારા બનેલું છે. મંદિરનો સભા મંડપ અઢાર પત્થરોથી બનેલા થાંભલા ઉપર ટકેલો છે. સભા મંડપ પછી ગર્ભ ગૃહનો સંપૂર્ણ ભાગ પત્થરો દ્વારા બનેલો છે. અહિલ્યાબાઈ દર સોમવારે પાલખીમાં બેસીને ભગવાન કાશી વિશ્વનાથ મંદિર જઈને ભગવાનની પૂજા-અર્ચના અને અભિષેક કરતી હતી. સવાર અને સાંજના સમયે અર્ચન પછી નૈવેધમાં ચોખા અને દાળનો નૈવેધ ધરાવવામાં આવતો હતો.આજે પણ આ પ્રથા શરૂ છે. કાશીવિશ્વનાથ જયોર્તિલિંગને લઈ ને એક રસપ્રદ પૌરાણિક કથા પ્રચલિત છે.એકવાર ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજી વચ્ચે વિવાદ થયો કે કોણ વધારે શક્તિશાળી છે આ વિવાદમાં મધ્યસ્થી બનવા માટે ભગવાન શિવજીએ વિશાળ જ્યોતિર્લિંગનું સ્વરૂપ ધારણ કર્યું હતું. શિવજીએ ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજીને વિશાળ જ્યોતિ લિંગનો સ્રોત અને ઊંચાઈની જાણકારી પ્રાપ્ત કરવા માટે કહ્યું. બ્રહ્માજી પોતાના હંસ ઉપર બેસી ને શિવલિંગની ઊંચાઈ અંગે જાણ કારી મેળવવા આકાશ તરફ ઉડ્યાં વિષ્ણુજી શૂકરનું સ્વરૂપ ધારણ કરીને પૃથ્વીમાં ખોદકામ કરવા લાગ્યાં, જેથી તેના ઊંડાણ અંગે જાણકારી મળી શકે. બંને અનેક યુગો સુધી પણ તેના ઊંડાણ કે ઊંચાઈ અંગે જાણકારી પ્રાપ્ત કરી શક્યા નહીં.અંતે હાર માનીને વિષ્ણુજી શિવજી સામે નતમસ્તક થઈ ગયાં, પરંતુ બ્રહ્માજીએ અસત્યની મદદ લીધી અને કહ્યું કે તેમણે ઊંચાઈની જાણકારી મેળવી લીધી છે.આ અસત્ય માટે શિવજીએ ગુસ્સે થઈને બ્રહ્માજીને શ્રાપ આપ્યો કે તમારી કોઈપણ સ્થાને પૂજા થશે નહીં,એટલે બ્રહ્માજીના મંદિર કોઈ સ્થાને જોવા મળતાં નથી. ભગવાન શિવ ના ત્રિશૂળ પર ટકેલું છે કાશી એવું કહેવામાં આવે છે કે આ નગરને સાક્ષાત્ ભગવાન શિવે પોતાના તેજથી પ્રગટ કર્યું હતું.આ માટે આ નગરીને ભગવાન શિવનું જ સ્વરૂપ માનવામાં આવે છે. પ્રલયના સમયે આ નગરની રક્ષા કરવા માટે ભગવાન શિવે આ શહેરને પોતાના ત્રિશૂળ પર ટકાવીને રાખ્યું હતું. કાશીને માનવામાં આવે છે પંચકોસી કાશીને ભગવાન શિવનું સૌથી પ્રિય નગર માનવામાં આવે છે.એવું કહેવામાં આવે છે કે અહીં સાક્ષાત્ ભગવાન શિવ નિવાસ કરે છે. તો આવા જ કારણે જ અને આમાં પણ બનારસી એટલે તો મંદિરોનું જ નગર જ્યાં ઈ.૧૭૫૫ માં ઔધના પંત પ્રતિનિધિએ બિંદુ માધવના પ્રાચીન મંદિરોનું સમાર કામ કરાવેલું.એ પછી ઈ.૧૭૮૫ માં કાશીરાજ મંસારામ અને એમના ચિરંજીવી બલવંતસિંહે વારાણસીમાં ઘણા મંદિરો બંધાવેલા.ત્યાં ઈ. ૧૮૫૨માં શ્રીમંત બાજીરાવ પેશવો કાળ ભૈરવનું મંદિર નિર્માણ કરેલું. આ વારાણસીમાં શ્રી વિશ્વેશ્વર જ્યોર્તિ લિંગ પણ અસ્તિત્વ ધરાવે છે. ભારતના ટોચના દ્વાદશ એટલે કે બાર જ્યોર્તિલિંગમાં ઉત્તરપ્રદેશ ના કાશી અર્થાત વારાણસીમાં એક માત્ર જ્યોર્તિલિંગ આવેલું છે. આ ભારતનું એક અત્યંત પ્રાચીન તીર્થ સ્થળ છે જ્યાં ગંગા વહે છે. અહીં વારૂણી અને એંશી નદીઓનું ગંગાજીમાં મિલનનું સંગમ સ્થળ હોવાથી આ તીર્થ ભૂમિને વારા ણસી તરીકે પ્રસિધ્ધિ મળી છે. વળી અહીં પ્રાચીન કાળમાં કાશ જાતિના લોકો રહેતા હોવાને કારણે આને કાશી નગરી તરીકે પણ પ્રસિધ્ધિ મળી જ છે. ઉપરાંત અહીંયા પૂર્વના વર્ષોમાં બનાર નામનો રાજા થઈ ગયેલો, જેના કારણે બનારસી નામ પણ આ નગરને મળ્યું.દિવોદાસ પોતાની રાજધાની કાશીનું આધિપત્ય ખોવાવા લાગ્યું તેથી ઘણા દુઃખી થયા. એમણે કઠોર તપસ્યા કરી બ્રહ્માજી પાસે વરદાન માંગ્યું કે- દેવતાઓ દેવલોકમાં જ રહે, ભૂલોક(પૃથ્વી) મનુષ્યો માટે જ રહે. સૃષ્ટિકર્તાએ તથાસ્તુ કહી દિધું. આ વાતના ફળસ્વરૂપે ભગવાન શંકર અને દેવગણોને કાશી છોડવાને માટે વિવશ થવું પડ્યું. શિવજી મન્દરાચલપર્વત પર ચાલ્યા તો ગયા, પરંતુ કાશી નગરી સાથે એમનો મોહ ભંગ નહીં થઈ શક્યો. મહાદેવજીને એમની પ્રિય કાશી નગરીમાં પુનઃ વસાવવાના ઉદ્દેશથી ચૌસઠ યોગિનીઓ, સૂર્ય દેવ,બ્રહ્માજી અને નારાયણજીએ ખુબ પ્રયાસ કર્યો. ગણેશજીના સહયોગથી અન્તે આ અભિયાન સફળ થયું. જ્ઞાનોપદેશ મેળવીને રાજા દિવો દાસ વિરક્ત થઈ ગયા. એમણે સ્વયં એક શિવલિંગની સ્થાપના કરી અને એની અર્ચના કરી,પછી થી તેઓ દિવ્ય વિમાન માં બેસીને શિવલોક ચાલ્યા ગયા અને મહા દેવજી કાશી પાછા પરત આવી ગયા. કાશીનું માહાત્મ્ય એટલું છે કે સહુ થી મોટા પુરાણ સ્કન્દ મહાપુરાણમાં કાશીખંડ નામથી એક વિસ્તૃત પૃથક વિભાગ આલેખવામાં આવેલ છે. આ નગરી ના બાર પ્રસિદ્ધ નામ-કાશી, વારાણસી, અવિમુક્ત ક્ષેત્ર, આનન્દ કાનન, મહાશ્મશાન, રુદ્રાવાસ, કાશિકા, તપઃસ્થલી, મુક્તિભૂમિ, શિવપુરી, ત્રિપુરારિરાજનગરી અને વિશ્વનાથ નગરી છે. સ્કન્દપુરાણમાં કાશી નગરીના મહિમાના ગુણ-ગાન કરતાં કરતાં કહેવામાં આવ્યું છે કે, ભૂમિષ્ઠાપિન યાત્રભૂસ્રિદિવતો ડપ્યુચ્ચૈરધઃ સ્થાપિયાયાબદ્ધા ભુવિ મુક્તિદાસ્યુર મૃતંયસ્યાં મૃતાજન્તવઃયાનિત્યંત્રિજગત્પવિત્ર તટિનીતીરે સુરૈઃ સેવ્યતે સા કાશીત્રિપુરારિરાજ નગરી પાયાદ પાયા જ્જગત જેને ભૂતળ પર હોવા છતાં પણ પૃથ્વી સાથે સંબદ્ધ નથી,જેને જગતની સીમા ઓ સાથે બંધાયેલ હોવા છતાં પણ સૌનું બંધન કાપવા વાળી (મોક્ષદાયિની)છે, જે મહાત્રિલોક પાવની ગંગા નદીના તટ પર સુશોભિત તથા દેવતાઓ વડે સુસેવિત છે, ત્રિપુરારિ ભગવાન વિશ્વનાથનીરાજધાની એવી કાશી સંપૂર્ણ જગતની રક્ષા કરે છે. શાસક બનનારે આ તીર્થ સ્થળનું સમૃધ્ધિમાં રૂપાંતર કરેલું. એટલે કાળાંતરે એક જ નગરીને વારા ણસી,કાશી અને એ પછી બનારસ નામ મળ્યું.કાશી પાસે ગંગા નદીએ ધનુષ જેવો આકાર ધારણ કર્યો છે. આથી સ્વાભાવિક છે કે જેને ગંગાનો સાથ ને સ્પર્શ મળ્યો.તે પુણ્યભૂમિને કોણ ના સ્મરે ? આથી કાળાંતરે કોઈક દિવ્યદાસ નામના એક મહાન રાજાએ પણ આ પવિત્ર ક્ષેત્રનો વિસ્તાર કર્યો અને સમૃદ્ધિનો વૈભવ પણ એણે અત્યંત શુભ ભાવનાથી અભિ વૃધ્ધ કર્યો. જ્યોતિર્લિંગની ઉદભવ નગરીકાશીને વારાણસી અવિમુક્ત ક્ષેત્ર આનંદ કાનન,મહા સ્મશાન, રૂદ્રાવાસ કાશીકા,તપસ્થતી મુક્ત ભૂમિ શિવપુરી,ત્રિપુરારી રાજ નગરી આમ દ્વાદશનામથી પણ પુરાણો માં વર્ણવી છે. કાશીમાં જે લિંગ છે તે અવિમુક્ત શ્વર લિંગ તરીકે ખ્યાતનામ છે. કાશીમાં જ્યોર્તિલિંગના સ્થળે મંદિરો પણ થયા.કાશીની ઓજ સ્વિતા તો વેદકાળથી જ ચાલી આવી છે. ખાસ કરીને મરાઠાઓ, જૈન અને બૌદ્ધ ધર્મીઓએ કાશીના વૈભવને કેમ વધારે સમૃધ્ધિ મળે એ પ્રકારના સક્રિય શુભકાર્યો પણ થયા જ. કાશીને પંચકોસી એટલે કલ્યાણ દાયિની,કર્મ બંધન નો નાશ કરનારી શાનદાયિની અને મોક્ષ પ્રદાન કરનારી માનવામાં આવે છે. પ્રિય વાચક ચાહક શિવ ભક્તો,સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### અક્ષય કુમારે ઓસ્ટ્રેલિયામાં મનોજ પાહવાની મજાક ઉડાવી હતી

# અક્ષયના કારણે મારા લગ્ન જીવનમાં લગભગ ગેરસમજ ઊભી થઈ હતી : મનોજ પાહવા



બોલિવૂડ સ્ટાર અક્ષય કુમાર તેની ફિટનેસ અને સેટ પર સમયના પાબંદ રહેવા માટે જાણીતો છે. પરંતુ તેની બીજી આદત છે જેના માટે તેના કો-સ્ટાર્સ તેને ખૂબ યાદ કરે છે. અક્ષય ટીખળ કરવામાં પણ ખૂબ જ ઝડપી છે અને ઘણી વખત તેના સાથી કલાકારોએ તેની ટીખળની વાર્તાઓ સંભળાવી છે. હવે જાણીતા અભિનેતા મનોજ પાહવાએ અક્ષયની ટીખળની વાર્તા સંભળાવી છે. મનોજે અક્ષય સાથે ફિલ્મ 'સિંઘ ઈઝ કિંગ'માં કામ કર્યું હતું અને આ ફિલ્મના સેટ પર અક્ષયે એટલો મોટો પ્રૅન્ક કર્યો કે મનોજના લગ્ન તૂટવા જઈ રહ્યા હતા. અહેવાલ અનુસાર, એક તાજેતરના ઈન્ટરવ્યુમાં મનોજે 'સિંઘ ઈઝ કિંગ' (૨૦૦૮)ના સેટ પર અક્ષય દ્વારા કરવામાં આવેલી પ્રૅન્કની વાર્તા કહી છે. તેણે જણાવ્યું કે ઓસ્ટ્રેલિયામાં શૂટ દરમિયાન અક્ષયની તોફાનીતાને કારણે તેમના લગ્નજીવનમાં લગભગ ગેરસમજ ઊભી થઈ ગઈ હતી. શૂટના એક દિવસ પછી, જેમ જ મનોજની પત્ની અભિનેત્રી સીમા પાહવાએ ફોન કર્યો, અક્ષયે ફોન ઉપાડ્યો. એક સાચા ટીખળની જેમ અક્ષય મનોજની જેમ વાત કરવા લાગ્યો અને સીમાને મનાવવા લાગ્યો. જોકે, થોડી જ વારમાં સીમાએ ઓળખી લીધું કે તેના પતિનો અવાજ બીજા છેડે નથી. પરંતુ અક્ષયની ટીખળ આટલેથી ન અટકી, તેના બદલે તેણે બીજી મોટી ભૂલ કરી. તેની મજાકને આગળ વધારવા



માટે તેણે તેની કો-સ્ટાર નેહા ધૂપિયાને પણ ફિલ્મમાં સામેલ કરી હતી. અજાણી સ્ત્રી હોવાનો ડોળ કરીને નેહાએ આકસ્મિ કપણે કહ્યું કે 'મનોજ બાથરૂમમાં છે.' જો કે, સમગ્ર સેટઅપ હોવા છતાં, સીમા આખરે ટીખળનો શિકાર બની ન હતી. આ ટીખળને યાદ કરતાં મનોજે કહ્યું, 'અક્ષયે આ જોરદાર ટીખળ કરવાનો પૂરો પ્રયાસ કર્યો, પરંતુ સીમા અને મારા લગ્નને આટલા વર્ષો થઈ ગયા છે કે આવું કંઈક ચાલશે નહીં. અમે એકબીજાને થોડી સારી રીતે ઓળખીએ છીએ. અક્ષયની આ ટીખળ ભલે સફળ ન થઈ હોય, પરંતુ તે બતાવે છે કે અક્ષય તેના કોસ્ટાર્સ સાથે કેટલી મસ્તી કરે છે અને તેમની સાથેનું બોન્ડિંગ કેટલું સારું છે. 'સિંઘ ઈઝ કિંગ' અક્ષયના કરિયરની સૌથી મોટી હિટ ફિલ્મ છે અને ખૂબ જ લોકપ્રિય ફિલ્મ છે. આ ફિલ્મમાં અક્ષય સાથે કેટરિના કૈફ, ઓમ પુરી, કિરોન ખેર, રણવીર શૌરી અને નેહા ધૂપિયાએ કામ કર્યું હતું.



### 'અનુપમા' દ્વારા દરેક ઘરમાં પોતાનું નામ બનાવ્યું

# અનુપમા ફેર રૂપાલી ગાંગુલી પર તૂટી પડ્યો દુઃખનો પહાડ

અનુપમા એક્ટ્રેસ રૂપાલી ગાંગુલીની રિયલ સાસુનું નિધનઃ થયું છે. પ્રખ્યાત ટીવી અભિનેત્રી રૂપાલી ગાંગુલીએ સિરિયલ 'અનુપમા' દ્વારા દરેક ઘરમાં પોતાનું નામ બનાવ્યું છે. રૂપાલી ગાંગુલીની સ્ટાઈલ જોઈને ફેન્સ પણ તેના વખાણ કરતા થાકતા નથી. પરંતુ તાજેતરમાં રૂપાલી ગાંગુલી પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. ખરેખર, રૂપાલી ગાંગુલીના સાસુ સુદર્શન વર્માનું નિધન થયું છે. રૂપાલી ગાંગુલીએ પોતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી છે. રૂપ ાલી ગાંગુલીની પોસ્ટમાં, તેના સાસુ તેના પૌત્ર રુદ્રાંશને જન્મદિવસની શુભેચ્છાઓ આપતા જોવા મળ્યા હતા.રૂપાલી ગાંગુલીએ તેની સાસુનો વિડીયો શેર કરતા લખ્યું કે, ''રુદ્રાંશનો પહેલો જન્મદિવસ એક વ્યક્તિ વગર જે તેને તેના માતા-પિતા કરતા વધારે પ્રેમ કરે છે. દાદીનો લાડલો કૃષ્ણ. શ્રીમતી સુદર્શન વર્મા, અમે હંમેશા તમારી યાદ કરીશું.'' હંમેશા તમારા માતા-પિતા અને દાદા-દાદીનો આદર કરો. રૂપાલી ગાંગુલીની પોસ્ટ જોઈને ચાહકો પણ નિરાશ જોવા મળ્યા હતા. બધા કમેન્ટમાં શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.રૂપાલી ગાંગુલીની પોસ્ટ પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, ''ભગવાન તેની આત્માને શાંતિ આપે. ઓમ શાંતિ.'' જ્યારે અન્ય એક યુઝરે લખ્યું, ''તેમની આત્માને શાંતિ મળે. તે હંમેશા તેના રુદ્રાંશ માટે ગાર્ડિયન એન્જલ બની રહેશે.'' રૂપાલીના પતિ અશ્વિન વર્મા બિઝનેસમેન છે. બંનેએ ૬ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ લગ્ન કર્યા હતા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ તેમના ઘરે બાળકોનો જન્મ થયો હતો. પુત્રનું નામ રુદ્રાંશ છે. ત્યારે દિકરાના જન્મદિવસે જ દાદીનું મૃત્યુ થયુ હતુ. ત્યારે રુપાલીના પરિવાર પર હાલ દુખોનો પહાળ તુટી પડ્યો છે લોકો તેમને કમેન્ટ કરી શાંતવના આપી રહ્યા છે. રૂપાલી ગાંગુલીના કરિયરની વાત કરીએ તો આ દિવસોમાં તેનો ટીવી શો 'અનુપમા' નાના પડદા પર ધૂમ મચાવી રહ્યો છે. આ ઉપરાંત ટીઆરપી લિસ્ટમાં પણ 'અનુપમા'નું તોફાન વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. ટૂંક સમયમાં અનુપમામાં એક નવી શરૂઆત થવા જઈ રહી છે, જેમાં શિવમ ખજુરિયા મુખ્ય અભિનેતા તરીકે પ્રવેશ કરશે.

# શું ખરેખર તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં શોને છોડી રહ્યો છે આત્મારામ ભીડે?

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવી પર સૌથી વધારે લાંબા સમય સુધી ચાલનાર શો છે. આ શો વર્ષ ૨૦૦૮થી ચાહકોનું મનોરંજન કરી રહ્યો છે. આ શોના તમામ પાત્ર ચાહકોને ખુબ પસંદ આવે છે પરંતુ કેટલાક એવા પણ સ્ટાર છે, જે આ શો છોડી ચાલ્યા ગયા છે. કેટલીક વખત સોશિયલ મીડિયા પર અભિનેતાઓને લઈ અફવાઓ પણ આવતી હોય છે. હવે શોના આત્મારામ ભીડેને લઈ એક સમાચાર સામે આવ્યા છે કે, તે આ શો છોડી રહ્યા છે. આ અફવાની સ્પષ્ટતા ખુદ અભિનેતા ભીડે માસ્ટરે કરી છે.યુટ્યુબ પર આત્મારામનું પાત્ર નિભાવનાર



મંદાર ચંદવાદકરનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં અભિનેતા હાથ જોડતો ફોટો જોવા મળી રહ્યા છે. તેના પર લખ્યું છે કે, તે મેકર્સનો પર્દાફાશ કરી રહ્યો છે અને તેમણે આ શો છોડી દીધો છે. આ વીડિયો બાદ મંદારે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં આ અફવાને ખોટી ગણાવી છે.મંદાર ચંદવાદકરે જે વીડિયો પોસ્ટ કર્યો છે. તેમાં કહ્યું નમસ્કાર ચાહકો સૌથી પહેલા સૌ કોઈને જન્માષ્ટમીની શુભકામના, આ વીડિયો જશ્ન વિશે નથી પરંતુ હું કાંઈ અન્ય વાત કરવા માંગુ છુ. મોટાભાગના લોકોએ આ વીડિયો જોયો છે. જેના પર થમ્બનેલ લાગ્યા છે. ગોલીને બહાર કરવામાં આવ્યો, આજ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની સચ્ચાઈ કહી દઈશ. દયા ભાભી નહિ આવે તો હું પણ શો છોડી દઈશ. આ વીડિયો જોઈ મને પણ આશ્ચર્ય થયું અને દુખ થયું. કેવી રીતે લોકો સોશિયલ મીડિયાનો ખોટો ઉપયોગ કરી રહ્યા છે. આ બધું માત્ર અફવા છે. વીડિયો પોસ્ટ કરી અભિનેતાએ કૈપ્શનમાં લખ્યું પ્લીઝ અફવાઓમાં વિશ્વાસ ના કરો અને પ્લીઝ આવી અફવાઓ ન ફેલાવો. તારક મહેતા કા ઉલ્ટા ચસ્મા શો વર્ષ ૨૦૦૮થી ચાહકોનું મનોરંજન કરી રહ્યું છે. આવનાર વર્ષોમાં પણ આવું જ મનોરંજન કરશે.



### ગોવિંદા-ધર્મેન્દ્રએ તો આ એક્ટરની સાથે કામ કરવાથી પણ ના પાડી હતી

# ડેબ્યુ કરતાની સાથે જ ૧૦૭ ફિલ્મો સાઈન કરી, તે જ એક્ટર ૩૯ વર્ષથી ગુમનામ છે!

૮૦ના દાયકામાં હિન્દી સિનેમામાં એક એવા એક્ટરે એન્ટ્રી કરી, જેને જોવા સલમાન ખાન અને સંજય દત્ત જેવા સ્ટાર પણ આવતા હતા. ડેબ્યૂ કરતાં જ આ એક્ટરે ધમાલ મચાવી દીધી. ગોવિંદા અને ધર્મેન્દ્રએ તો આ એક્ટરની સાથે કામ કરવાથી પણ ના પાડી દીધી હતી.જબરદસ્ત પર્સનાલિટી અને સુપ રહિટ બોડીના દમદાર કોમ્બિનેશનની સાથે ધમાકેદાર એક્ટિંગ ટેલેન્ટની પણ ભરમાર હતી. સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ 'એડવેન્ચર ઑફ ટાર્ઝન'થી ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરનાર એક્ટરનું નામ છે હેમંત બિર્જે. હેમંતની ડેબ્યૂ ફિલ્મે તેમને એ ઓળખ અપાવી, જેને પામવા માટે લોકોને વર્ષો સુધી સંઘર્ષ કરવો પડે છે. સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ 'એડવેન્ચર ઑફ ટારઝન'થી ડેબ્યૂ કરનાર હેમંત પોતાની દમદાર



બૉડીને લઈને લાઈમલાઈટમાં છવાયેલા રહેતા. તે દોરમાં તેમની પર્સનાલિટી કોઈ હીરોથી ઓછી ન હતી. આ જ કારણે તે તેમની પહેલી ફિલ્મમાં છવાઈ ગયા હતા. લોકો તેમની પર્સનાલિટી અને એક્ટિંગ જોઈને ડરવા લાગ્યા, કે તેમનું કરિયર ખતરામાં છે. પરંતુ પોતાના સારા લુકસના કારણે તેમને ઘણી ફિલ્મોથી બહાર કરવામાં આવ્યું હતું.હેમંતની ડેબ્યૂ ફિલ્મ હિટ સાબિત થઈ હતી. ધર્મેન્દ્ર-ગોવિંદાના સ્ટારડમને હચમચાવી નાખ્યું પોતાની પહેલી ફિલ્મ બાદ તેમને એક-બે નહીં પરંતુ ૧૦૭ ફિલ્મો સાઈન કરી હતી, પરંતુ કંઈક એવું બન્યું કે, એક-એક ફિલ્મથી એ એક્ટરે ગુમાવવી પડી. હેમંતે આપેલા ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો હતો કે સલમાન ખાન કલાકો સુધી બેસીને તેમની પાસેથી બોડી બિલ્ડિંગ ટિપ્સ લેતો હતો. ઘણા કલાકારોએ તેની સાથે કામ કરવાની ના પાડી દીધી હતી. ગોવિંદા અને ધર્મેન્દ્રએ હેમંત સાથે ફિલ્મ 'કૌન કરે કુરબાની'માં પણ કામ કર્યું હતું. હેમંતે કહ્યું હતું કે આ ફિલ્મના શૂટિંગ દરમિયાન ધર્મેન્દ્રએ ડાયરેક્ટર અર્જુન હિંગોરાનીને સ્પષ્ટ કહી દીધું હતું કે તે તેની સાથે કામ નહીં કરે. પરંતુ બાદમાં ડાયરેક્ટરે ધર્મેન્દ્રને સમજાવ્યું કે પછી તેમણે સાથે કામ કર્યું છે.એવી જ રીતે ગોવિંદા વિશે વાત કરતી વખતે, હેમંતે કહ્યું હતું કે 'તે એક બદમાશ હતો..' તેણે મને શૂટિંગ દરમિયાન કહ્યું હતું કે તું મને ધક્કો મારીશ નહીં. આ રીતે બંનેએ ખૂબ જ મુશ્કેલીથી મારી સાથે કામ કર્યું.

# બોલીવુડ એક નિરાશાજનક જગ્યા છે, ત્યાં મેં દરેકને મારા દુશ્મન બનાવી દીધા છે



બોલિવૂડ એક્ટ્રેસ-સાંસદ કંગના રનૌત અવારનવાર બોલિવૂડ વિરુદ્ધ કંઈક બોલતી જોવા મળે છે. આ વખતે તેણે બોલિવૂડને 'નિરાશાહીન' સ્થળ ગણાવ્યું છે. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતા કંગનાએ મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જાતીય સતામણી અંગેના રિપોર્ટ વિશે વાત કરી અને કહ્યું કે આ નવું નથી અને ૬ વર્ષથી છુપાયેલું છે. કંગનાએ દાવો કર્યો કે તે શરૂઆતથી જ આ મુદ્દાઓ પર વાત કરતી રહી છે. જેના કારણે બોલિવૂડમાં દરેક વ્યક્તિ તેના દુશ્મન બની ગયા છે. કંગનાએ કહ્યું- તેઓ તેને ૬ વર્ષ સુધી છુપાવી રહ્યા હતા. ૬ વર્ષથી તેના પર બેઠા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે મારે કંઈ કહેવું નથી. આ એક ખૂબ જ નિરાશાજનક જગ્યા છે. મારી પાસે જે હતું તે બધું મેં આપી દીધું. મારી સામે બે કેસ નોંધાયેલા છે. મેં ઈર્ષ્ચળવળ શરૂ કરી, જે ક્યાંય આગળ વધી નથી. મેં સમાંતર નારીવાદી સિનેમા શરૂ કર્યું હતું, પરંતુ તે સ્ત્રીઓએ મારા પર હુમલો કરવાનું શરૂ કર્યું. ''જ્યારે મારી ફિલ્મ કામ કરતી નથી, ત્યારે મહિલાઓ ઉજવણી કરે છે. હું સમાન ફી મેળવવા માટે લડ્યો, મારા કારણે તેમને ફિલ્મો મળવા લાગી, પરંતુ તેઓ મારી નિષ્ફળતાથી ખુશ છે. હું કોઈ ખાન, કુમાર કે કપૂરની ફિલ્મો નથી કરતો. જો મેરી ઈમરજન્સી જેવી ફિલ્મ સારી ચાલશે તો તેઓ તેને છુપાવશે. આ ક્યાંય જોવા નહીં મળે. ''તમે મારો અને આમિર ખાનનો સત્યમેવ જયતે એપિસોડ જોયો જ હશે. હું તમામ મુદ્દાઓ સામે લાવું છું. હું ના..ના..ના કહીશ અને તે હા કહેશે. મેં રેપ કલ્ચર, આઈટમ સોન્ગ વિશે વાત કરી, પણ ના પાડી. મેં દરેકને મારા દુશ્મન બનાવ્યા છે. બધા દુશ્મન બની ગયા. પણ આપણે ક્યાં પહોંચી ગયા? એક જ પ્રકારની સેક્સિસ્ટ સિનેમા, એ જ હિંસાનો પ્રચાર કરવામાં આવે છે જ્યાં મહિલાઓનું અપમાન થાય છે. અમે પહેલા કરતા ખરાબ કરી રહ્યા છીએ. ''કેરળ રિપોર્ટ વિશે વાત કરતાં, મેં તેના વિશે ઘણા સમય પહેલા વાત કરી છે.

## કંગના રનૌત તેમને આપેલા નિવેદના કારણે પણ ચર્ચામાં

બોલીવુડની પ્રસિદ્ધ અભીનેત્રી અને સાંસદ સભ્ય કંગના રનૌતને તમામ લોકો ઓળખે છે. તેમને એક ઈન્ટરવ્યુમાં એક મોટો ખુલાસો કર્યો છે. અક્ષય કુમાર અને સલમાન ખાન સાથે કેમ ફિલ્મમાં કામ કરવાની ના પાડી તે અંગે જણાવ્યુ છે. બોલીવુડની પ્રસિદ્ધ અભીનેત્રી અને સાંસદ સભ્ય કંગના રનૌતને તમામ લોકો ઓળખે છે. કંગના રનૌત તેમને આપેલા નિવેદના કારણે પણ ચર્ચામાં રહે છે. જેઓ હાલમાં તેમની આગામી ફિલ્મ ઈમરજન્સીના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ૬ સપ્ટેમ્બરેના રોજ સિનેમાઘરોમાં રીલીઝ થવાની છે.કંગના રનૌતએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેણે ખાન અને રણબીર કપૂરની ત્રણેય ફિલ્મો રિજેક્ટ કરી હતી. સંજય લીલા ભણસાલીએ પણ તેને પોતાની ફિલ્મમાં ડાન્સ નંબર માટે ઓફર આપી હતી, પરંતુ તેણે તે પણ ના પાડી દીધી હતી. હવે એક નવા ઈન્ટરવ્યુમાં કંગનાએ ખુલાસો કર્યો છે કે અક્ષય કુમારે પણ તેને કેટલીક ફિલ્મોની



ઓફર કરી હતી. પરંતુ તેણે તેની તમામ ફિલ્મોમાં કામ કરવાની ના પાડી દીધી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર એક ઈન્ટરવ્યુમાં કંગનાએ જણાવ્યું કે જ્યારે અક્ષયે તેને 'સિંઘ ઈઝ બ્લિંગ' માટે બોલાવી ત્યારે તેણે આ ફિલ્મમાં કામ કરવાની ના પાડી દીધી. જ્યારે અક્ષયે આનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે કૃપા કરીને સમજી લો કે તમારી પણ એક દીકરી છે. કંગનાએ કહ્યું કે તેણે અક્ષય સાથે કામ કરવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તે તેને કોઈ સન્માનજનક ભૂમિકા આપી રહ્યો ન હતા. કંગનાએ કહ્યું, ''પછી તેણે મને કેટલીક વધુ ફિલ્મો માટે બોલાવી. પછી તેણે પૂછ્યું, 'શું તને મારી સાથે કોઈ સમસ્યા છે, કંગના?'

**અવાર નવાર બોલીવૂડ વિરુદ્ધ કંઇક બોલતી જોવા મળે છે**

### કોઈ પણ પ્રકારની ફિલ્મમાં હીરો હિટ થવા માટે તેના માટે વિલનને પછાડવો જરૂરી

# રિતેશે વિલન બની બોક્સ ઓફિસ પર મચાવી ધૂમ!

હિન્દી ફિલ્મો હંમેશા વિલન વિના અધૂરી છે. કોઈપણ ફિલ્મમાં હીરો હિટ થવા માટે તેના માટે વિલનને પછાડવો જરૂરી છે. જેટલો વિલન સ્ક્રીન પર પીટશે તેટલી વધુ તાળીઓ થિયેટરોમાં સંભળાશે. તેવામાં આ યુગના ઘણા કલાકારો એવા છે જેઓ હીરો તરીકેની કારકિર્દી પછી ફિલ્મોમાં વિલન તરીકે પાછા ફર્યા છે.વર્ષ ૨૦૧૪માં એક ફિલ્મ રિલીઝ થઈ હતી જેમાં એક એક્ટરે વિલનનો રોલ અદા કર્યો હતો, જેને ક્યારેય કોઈએ વિલન કરતા જોયો ન હતો. તે હંમેશા કાં તો સાઈડ રોલ ભજવતો અથવા ફિલ્મોમાં કોમેડી કરતો જોવા મળ્યો, પરંતુ જ્યારે તે વિલન બન્યો તો દર્શકો જોતા જ રહી ગયા.રિતેશ દેશમુખે સિદ્ધાર્થ મલ્હોત્રા અને



શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'એક વિલન'માં વિલનની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં તેણે એક એવા પુરૂષનું પાત્ર ભજવ્યું હતું, જે મહિલાઓની ચીસો પર ગુસ્સે થઈ જાય છે.રિતેશ દેશમુખે 'એક વિલન'માં પોતાના ખલનાયકથી પડદા પર ધૂમ મચાવી હતી. ૩૯ કરોડના બજેટ સાથે બનેલી આ ફિલ્મે સમગ્ર દેશમાં બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડ રૂપિયાનું કલેક્શન નોંધાવ્યું હતું. આ ફિલ્મે વિશ્વભરમાં ૧૭૦ કરોડ રૂપિયાનો વકરો કર્યો હતો. રિતેશ દેશમુખે સારા એવા પોલિટિકલ બેકગ્રાઉન્ડને છોડીને બોલિવૂડમાં એન્ટ્રી કરી. તેના પિતા વિલાસરાવ દેશમુખ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. રિતેશના ભાઈઓએ રાજકારણમાં કારકિર્દી બનાવી ત્યારે તેણે પોતાના માટે ફિલ્મનો રસ્તો પસંદ કર્યો.એક્ટરે વર્ષ ૨૦૦૩માં ફિલ્મ 'તુઝે મેરી કસમ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મમાં તેની વિરુદ્ધ એક્ટ્રેસ જેનેલિયા ડિસોઝા જોવા મળી હતી. તેમના પ્રેમની શરૂઆત આ ફિલ્મના સેટ પર જ થઈ હતી. રિતેશ દેશમુખે 'મસ્તી', 'ક્યા કૂલ હૈ હમ', 'હે બેબી', 'ડબલ ધમાલ', 'હાઉસફુલ', 'ગ્રાન્ડ મસ્તી', 'બાગી', 'એક વિલન', 'ટોટલ ધમાલ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. તે મોટાભાગની ફિલ્મોમાં કોમેડી કરતો જોવા મળ્યો છે. હાલમાં જ એક્ટરની ફિલ્મ 'કકુદા' રીલિઝ થઈ હતી. આમાં તે સોનાક્ષી સિંહા સાથે જોવા મળ્યો હતો.

## રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી સંદર્ભે વિવિધ રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય ખ્યાતનામ રમતવીરો અને કોચનો સન્માન કાર્યક્રમ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદના રાજપથ ક્લબ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત અને ગુજરાત સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવેલા રમતવીરો અને વિવિધ કોચના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી ચૂકેલા રમતવીરો અને કોચ શ્રી તેજસ બાકરે, શ્રી વરજંગ વાળા, એન્થોની જોસેફ, શ્રી ડેવિડ કોલોગા, અનિલ પટેલ, શ્રી પ્રમેશ મોદી, શ્રી નમન ઢીંગરા, શ્રી જલ્પ પ્રજાપતિ, શ્રી મિરાંત ઈટાલીયા, શ્રી વિવાન શાહ, શ્રી બખ્તિયારુદ્દીન મલેક અને શ્રી રુદ્ર પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે ગુજરાતના સૌપ્રથમ ચેસ ગ્રાન્ડ માસ્ટર શ્રી તેજસ બાકરેને 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાતના ભૂતપૂર્વ રમતગમત મંત્રી શ્રી નરહરિ અમીને પોતાના વર્ષ ૧૯૯૦થી ૧૯૯૫ સુધીના રમતગમત મંત્રી તરીકેના અનુભવો વર્ણવ્યા હતા. વર્ષ ૧૯૯૩માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના ચેરમેન પદ પર રહીને તેમણે ગુજરાતના ભાવિ ખેલાડીઓને અને વિવિધ રમતોને આગળ વધતાં જોવાની વાત કરી હતી. ગુજરાતના રમતવીરો અને રમતગમત માટેની સુવિધાઓ વર્ષ ૨૦૩૬ના ઓલમ્પિક યજમાની માટે તૈયાર થઈ રહ્યા છે. તેમણે રાષ્ટ્રીય રમતગમત દિવસની શુભેચ્છાઓ આપી હતી. જીછય્ના ડાયરેકટર જનરલ શ્રી આર. એસ. નિનામાએ જણાવ્યું કે, આજના અવસરે ખેલાડીઓનું સન્માન ખૂબ મહત્વની પહેલ છે. સરકારે કોઈ કસર નથી રાખી. ગુજરાતમાં ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેવી અમારી નેમ છે. સરકાર પ્રાયમરી સ્કુલિંગથી જ ખેલકુંડની તાલીમ આપવામાં આવે છે. આ પ્રસંગે માહિતી નિયામક શ્રી કે.એલ.બચાણીએ કહ્યું હતુ કે, ખેલ જગતને પ્રશાસનિક નેતાઓ, સરકારશ્રીના અધિકારીશ્રીઓ અને પત્રકારો એમ ત્રણેય બાજુથી સહકાર સાંપડ્યો છે. પોતાના રમત-ગમત સાથે સંકળાયેલા અંગત અનુભવો વર્ણવી તેમણે આવા આયોજનો અવિરત ચાલતા રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

## ઝાલોદની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં નંદ મહોત્સવ નિમિત્તે મટકી ફોડ કાર્યક્રમનું કરવામાં આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદની શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે અનેક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ શ્રાવણ મહિનામાં આવતા જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ઝાલોદની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં નંદમહોત્સવના ભાગ રૂપે મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય શ્રી મધુકર પટેલ સાહેબના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. હરિગોપલ અગ્રવાલ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજનમાં કોલેજના એન.સી.સી. અને એન.એસ.એસ. વિદ્યાર્થીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કોલેજના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

## રાહત અને બચાવની કામગીરીના સંકલન માટે કલેક્ટર તંત્રમાં ખાસ સેલ ઉભો કરાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

વડોદરા શહેરમાં આવેલી પડેલી વિભિષિકામાં રાહત અને બચાવ કામગીરીનું સંકલન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા અધિકારીઓના ધાડા વડોદરા ઉતારવામાં આવ્યા છે. પ્રભારી સચિવ શ્રી વિનોદ રાવે વડોદરા શહેરમાં મુકામ કરી તેમના મ્યુનિસિપલ કમિશનર તરીકાના અનુભવોથી માર્ગદર્શન આપી રહ્યા છે. બીજી તરફ, મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી અતુલ ગોરને પણ વહીવટી તંત્રની મદદ માટે વડોદરા મોકલવામાં આવ્યા છે. કલેક્ટર તંત્રમાં ફરિયાદોના નિરાકરણ માટે નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિની નિગરાનીમાં એક ખાસ સેલ ઉભો કરવામાં આવ્યો છે. કલેક્ટર શ્રી બિજલ શાહે પણ વધારાના અધિકારીઓને આપત્તિ વ્યવસ્થાપનને લગતી ફરજ સોંપણીના આદેશ જારી કર્યા છે. ખાસ કરીને વરસાદનો જોર ઘટ્યા બાદ નુકસાનીનો તાગ મેળવવા માટે ૨૨ અધિકારીઓની કલેક્ટરશ્રી દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે. દરમિયાન, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વિવેક ટાંકને ડિઝાસ્ટર શાખામાં સંકલનની જવાબદારી સોંપવામાં આવી છે.

## હાજીઓ માટે નવી મુશ્કેલીઓ, બદલાયેલા નવા નિયમો અનુસાર પતિ-પત્ની વચ્ચે પડદો રહેશે

। નવી દિલ્હી, તા.૨૯ ।

નવી હજ પોલિસી હેઠળ આ વર્ષની હજ યાત્રામાં ઘણા ફેરફારો જોવા મળશે. આ ફેરફારોમાં ઉંમર પણ મોટો ફેરફાર છે. જેમાં અનામત વર્ગની ઉંમર ૭૦ થી ઘટાડીને ૬૫ વર્ષ કરવામાં આવી છે. નિયમ હેઠળ, એક પ્રતિબંધએ પણ લાદવામાં આવ્યો છે કે, હવે હજ યાત્રા દરમિયાન પતિ-પત્ની એક સાથે રૂમમાં રહી શકશે નહીં. તેમને હોટલના અલગ-અલગ રૂમમાં રોકાવાનું રહેશે.

મળતી માહિતી મુજબ, હવે ભારતીય પતિ-પત્નીએ હજ યાત્રા દરમિયાન એકબીજાને ઢાંકવું જરૂરી બનશે. સાઉદી અરેબિયાની સરકારે મોટા ફેરફારો કર્યા છે અને અત્યાર સુધી આપવામાં આવેલી છૂટને રદ કરવામાં આવી છે. સરકારના નવા નિયમ અનુસાર, ૨૦૨૫થી હજ યાત્રા પર જનારા ભારતીય પતિ-પત્ની એક જ રૂમમાં સાથે રહી શકશે નહી.

હજ કમિટી ઓફ ઈન્ડિયાએ હજ યાત્રાને લઈને માર્ગદર્શિકા જાહેર કરી છે. સમિતિના જણાવ્યા અનુસાર હજ દરમિયાન ભારતીય પતિ-પત્ની એક જ રૂમમાં રહેતા હોવાની ફરિયાદો મળી હતી. પતિ-પત્ની વચ્ચેના રૂમમાં સાથે રહેવાથી તેમની વચ્ચે અણબનાવ થાય છે. અન્ય દેશોમાંથી મુસાફરી કરતા પતિ-પત્ની અલગ-અલગ રૂમમાં રહે છે. માત્ર ભારતીય કપલને જ સાથે રહેવાની છૂટ હતી. જે હવે રદ કરવામાં આવી છે. હજ કમિટીએ આ અંગે આરબ સરકારને પણ જાણ કરી હતી. હજ કમિટીના જણાવ્યા અનુસાર આ સમસ્યાનો સામનો કરવા માટે નિયમો પણ બનાવવામાં આવ્યા છે. ભારતીય પતિ-પત્નીના રૂમ એકબીજાની નજીક રાખવામાં આવશે, જેથી જરૂર પડ્યે તેઓ એકબીજાને મદદ કરી શકે. હોટલના દરેક ફ્લોર પર રિસેપ્શન હશે જ્યાં હજ યાત્રીઓને રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે, જેથી કપલ આ જગ્યાએ બેસીને વાત કરી શકે.

હજ કમિટીએ કહ્યું કે વૃદ્ધોની શ્રેણીમાં વય મર્યાદા ૭૦ વર્ષથી ઘટાડીને ૬૫ વર્ષ કરવામાં આવી છે. અગાઉ, ભારતીય પતિ-પત્નીને સાથે રહેવા અને રહેવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી, કારણ કે મોટાભાગના ભારતીય હજ યાત્રીઓ ઓછા ભણેલા છે. અને તેમાંના મોટાભાગના વૃદ્ધો છે.

ભારત સરકાર ૨૦૨૫ હજ નીતિના નવા નિયમ મુજબ હવે દરેક વ્યક્તિ પોતાના જીવનકાળમાં માત્ર એક જ વાર હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ કરી શકશે. જેઓ પહેલાથી જ હજ કમિટી દ્વારા યાત્રા કરી ચૂક્યા છે તેઓ ૨૦૨૫ અથવા ભવિષ્યના વર્ષોમાં ફરીથી હજ માટે અરજી કરવા પાત્ર રહેશે નહી. નવી નીતિનો ઉદ્દેશ્યમાં વધુ ભારતીય મુસ્લિમોને તેમના જીવનકાળ દરમિયાનમાં ઓછામાં ઓછા એક વખત હજ કરવાની તક પૂરી પાડવાનો છે.

અગાઉ, કેટલીક વ્યક્તિઓ હજ કરવા માટે ઘણી વખત અરજી કરી શકતી હતી જ્યારે અન્ય લોકો બિલકુલ જઈ શકતા ન હતા. આ ઉપરાંત, ૪૫ કે તેથી વધુ ઉંમરની મહિલાઓ, જેઓ હજ પર જવા માંગે છે પરંતુ તેમની સાખે કોઈ પુરૂષ મેહરમ નથી તેઓ તેમની વિચારધારા પરમિટ ૪ કે તેથી વધુ મહિલાઓના જૂથમાં મુસાફરી કરવાની મંજૂરી છે.

## રાજ્યમાં વરસાદથી પ્રભાવિત વિસ્તારોના નાગરિકોની સ્વાસ્થ્ય સંભાળ માટે આરોગ્ય વિભાગ સજ્જ

### આ ટીમ સ્થાનિકજનોની સ્વાસ્થ્ય ચકાસણી સહિત પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટેના સઘન પ્રયાસો હાથ ધરશે



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદ જોવા મળ્યો છે. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની સૂચનાથી ભારે વરસાદથી પ્રભાવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં રોગચાળો ફાટી ન નિકળે તે માટે આરોગ્ય વિભાગે અગમચેતીના પગલે સ્વાસ્થય ચકાસણી હાથ ધરી છે. મંત્રીશ્રીની સૂચનાથી ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૩૫ મેડિકલ ટીમ પ્રજાજનોની સેવામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી પ્રારંભિક તબક્કે મોકલવામાં આવી છે.

આગામી સમયમાં જરૂર જણાશે તે પ્રમાણે તબક્કાવાર વરસાદથી પ્રભાવિત જિલ્લાઓમાં ટીમ મોકલાશે. જેમાં વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશન ખાતે ૨૦, વડોદરા જિલ્લામાં ૧૦, ૨ ટીમ મોરબી અને ૩ ટીમ પોરબંદર જિલ્લામાં મોકલાઈ છે.

આ ટીમમાં સુરત થી ૫, ભાવનગર થી ૫, ગાંધીનગર અને અમદાવાદ થી ૧૦-૧૦ અને રાજકોટ થી ૫ આમ કુલ ૩૫ ટીમને જરૂરી દવા, સંસાધનો અને એમ્બ્યુલન્સ સાથે વડોદરા, મોરબી અને પોરબંદર જિલ્લામાં પાંચ દિવસ માટે પ્રારંભિક મોકલવામાં આવી છે. દરેક ટીમમાં એક મેડિકલ ઓફિસર, ૨ પેરામેડિકલ સ્ટાફ , ડ્રાઈવર અને અન્ય જરૂરી સંસાધનો સાથે પ્રજાજનોની સ્વાસ્થ્ય દરકાર માટે ફરજરત બન્યા છે. તમામ ટીમ દ્વારા ત્રણે જિલ્લામાં યુધ્ધના ધોરણે આજ સવાર થી જ મેડિકલ ચેક-અપ કેમ્પ આરંભી દેવામાં આવ્યા છે. આ ટીમ વરસાદથી પ્રભાવિત વિવિધ વિસ્તારોમાં જઈને સ્થાનિકજનોની સ્વાસ્થ્યને લગતી જરૂરી ચકાસણી કરી રહી છે.

આ ટીમ વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી નાગરિકોની પ્રાથમિક આરોગ્ય ચકાસણી કરશે. પાણીમાં ક્લોરીનેશન પણ ચકાસવામાં આવશે. તદ્ઉપરાંત સ્થાનિક આરોગ્ય તંત્ર દ્વારા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગનો ઉપદ્રવ અટકાવવા માટે દવા છંટકાવની પણ કામગીરી યુધ્ધના ધોરણે આરંભી દેવામાં આવી છે. વધુમાં અન્ય પ્રાથમિક સારવાર ઉપરાંતની જરૂર જણાઇ આવે તે સારવાર પણ પુરી પાડવા સ્થાનિક જિલ્લા ક્ષેત્રે હોસ્પિટલમાં તમામ પૂર્વતૈયારીઓ કરી દેવામાં આવી છે. રાજ્યમાં સી.એચ.સી. અને પી.એચ.સી ખાતે ૧૨૬૨ એમ્બ્યુલન્સ અને અન્ય ૮૦૨ જેટલી ૧૦૮ની એમ્બ્યુલન્સને આ વિસ્તારોમાં ઈમરજન્સી સેવાઓ માટે તહેનાત રાખવામાં આવી છે.

## ગાંધીનગરમાં કર્મયોગી ભવન ખાતે નવી વિકાસ કમિશનર કચેરીનું ઉદ્દઘાટન કરતા પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

ગાંધીનગર ખાતે પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ હેઠળની વિકાસ કમિશનર કચેરીનું આજે પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મોના ખંધારે ઉદઘાટન કર્યું હતું. નવી કચેરીનું ઉદઘાટન થતા હવેથી વિકાસ કમિશનરની કચેરી કર્મયોગી ભવનના બ્લોક-૩માં કાર્યરત થશે.

આ પ્રસંગે અગ્ર સચિવ શ્રી મોના ખંધારે સૌ અધિકારી કર્મચારીઓને અભિનંદન પાઠવીને અદ્યતન સુવિધા ધરાવતી કચેરીમાં વધુ નિષ્ઠાપૂર્વક કામ કરવા માટે પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે વિકાસ કમિશનર શ્રી હિતેશ કોયા, અધિક વિકાસ કમિશનર ડૉ. ગૌરવ દહિયા તેમજ શ્રી અર્જુનસિંહ રાઠોડ, પંચાયત સેવા પસંદગી મંડળના ચેરમેન શ્રી હસમુખ પટેલ સહિત વિકાસ કમિશનર કચેરીના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે એન્ટિ-રેગિંગ કમિટી દ્વારા 'એન્ટી રેગિંગ સપ્તાહ'ની ઉજવણી સંપન્ન

। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી ગાંધીનગર ખાતે એન્ટિ-રેગિંગ કમિટી એ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા તા. ૧૨ થી ૧૭મી ઓગસ્ટ સુધી 'એન્ટી રેગિંગ સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રેગિંગની હાનિકારક અસરો વિશે જાગૃતિ કરી પરસ્પર આદરની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો અને રેગિંગના કોઈપણ સ્વરૂપ માટે સંસ્થાની ઝીરો ટોલરન્સ પોલીસીને વધુ મજબૂત બનાવવાનો હતો. આ સપ્તાહનો શુભારંભ તા. ૧૨મી ઓગસ્ટ 'નેશનલ એન્ટિ-રેગિંગ ડે'ના દિવસે સાઈબર ક્રાઈમ અમદાવાદના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ડૉ. લવિના સિન્હા દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે, રેગિંગ-મુક્ત કેમ્પસ બનાવાની જિમ્મેદારી આપડા બધાની છે અને સાથે જ સાયબર ધમકીઓ સામે ચેતી રહેવા માટે વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રકારની પ્રવૃતિઓ થકી વિદ્યાર્થીઓમાં રેગિંગ પ્રત્યે જાગૃતિ ફેલાવવા અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, તા. ૧૩મી ઓગસ્ટે, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રેગિંગના કાયદાકીય પરિણામો વિશે જાગૃતિ લાવવા અંગે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપર્ધામાં વિદ્યાર્થીઓને તેમના વિચારોને અભિવ્યક્ત કરવા સંદર્ભે માહિતી પ્રસારિત કરવા ઉત્સાહભેર ભાગ લીધો હતો. જ્યારે, તા. ૧૪મી ઓગસ્ટના રોજ, વિદ્યાર્થીઓને રેગિંગ અટકાવવા માટે સ્લોગન સ્પર્ધાનું, ૧૬મી ઓગસ્ટે વિદ્યાર્થીઓએ એક્સટેમ્પોર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ સમર્થનાત્મક કેમ્પસ સંસ્કૃતિ નિર્માણ માટે તેમના વિચારો અને ઉકેલો પર વિચારવિમર્શ કર્યો હતો. સપ્તાહના છેલ્લા દિવસે તા. ૧૭મી ઓગસ્ટના રોજ સમાપન સમારોહ યોજાયો હતો.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ? તમે ક્યારેય ન ગયા હો એવા સ્થળે જો તમને આમંત્રિત કરાયા હોય તો-આમંત્રણનો ગરિમા પૂર્વક સ્વીકાર કરો. તમે એક જગ્યાએ ઊભા હશો અને પ્રેમ તમને બીજા જ વિશ્વમાં ખેંચી જશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. નવા સંબંધો લાંબા ગાળાના તથા ખૂબ જ લાભદાયક ઠરશે. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. આજે કામના સ્થળે દરેક બાબતમાં તમારો હાથ ઉપર રહે એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

### રાષ્ટ્રીય ખેલ દિવસ પર કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ''સાયકલ ચલાવવી એ પ્રદૂષણનો ઉકેલ છે''

# હોકીના જાદૂગર મેજર ધ્યાનચંદને ડો. મનસુખ માંડવિયાએ પુષ્પાંજલિ અર્પણ કરી






। નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને યુવા બાબતો અને રમતગમતના કેન્દ્રીય રાજ્ય મંત્રી સુશ્રી રક્ષા ખડસેએ આજે નવી દિલ્હીમાં મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે હોકીના જાદૂગર મેજર ધ્યાનચંદને પુષ્પાંજલિ અર્પણ કરીને રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરી. આ કાર્યક્રમ આ મહાન ખેલાડીને નોંધપાત્ર શ્રદ્ધાંજલિ હતી, જેમનો વારસો આજે પણ દેશભરના રમતવીરોને પ્રેરણા આપતો રહે છે. શ્રદ્ધાંજલિ બાદ, ડૉ. માંડવિયા અને સુશ્રી ખડસે ફિટનેસ અને રમતગમતના સંદેશને પ્રોત્સાહન આપવા જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ગયા. એક સભાને સંબોધતા, ડૉ. માંડવિયાએ તમામ નાગરિકોને રાષ્ટ્રીય રમતગમત દિવસ પર ઓછામાં ઓછો એક કલાક આઉટડોર સ્પોર્ટ્સ માટે સમર્પિત કરવાનો આગ્રહ કરતા તેમના સંદેશને પુનરાવર્તિત કર્યો, જે સમગ્ર ભારતમાં રમતગમત અને શારીરિક તંદુરસ્તીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની વ્યાપક પહેલને પ્રતિબિંબિત કરે છે. ડૉ. માંડવિયાએ કહ્યું, ''આપણે ૨૦૪૭માં આપણી આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરીશું ત્યારે આપણે આપણા રાષ્ટ્રને 'વિકસિત ભારત' બનાવવું પડશે.'' તેમણે વધુમાં કહ્યું, ''આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જીના 'જો ખેલેંગે, વો ખિલેંગે'ના વિઝનને અનુરૂપ, આપણે બધાએ સક્રિયપણે રમતગમતને અપનાવવી જોઈએ. વૈશ્વિક સ્તરે સૌથી યુવા રાષ્ટ્રોમાંના એક તરીકે, રમતગમત દ્વારા શારીરિક અને માનસિક સુખાકારી જાળવવી આપણી પ્રગતિ માટે મહત્વપૂર્ણ છે.''



શારીરિક પ્રવૃત્તિના પર્યાવરણીય લાભો પર ભાર મૂકતા, ડૉ. માંડવિયાએ કસરતના સ્થાયી સ્વરૂપ તરીકે સાયકલ ચલાવવાની હિમાયત કરી. તેમણે કહ્યું, ''સાયકલિંગ એ માત્ર શ્રેષ્ઠ વર્કઆઉટ જ નથી, પરંતુ ટૂંકા અંતર માટે પરિવહનનું એક પર્યાવરણ-મૈત્રીપૂર્ણ રીત પણ છે. તે ગ્લોબલ વોર્મિંગ અને જળવાયુ પરિવર્તનના પડકારો સામે એક શક્તિશાળી સાધન છે. સાયકલ ચલાવવું એ પ્રદૂષણનો શ્રેષ્ઠ ઉકેલ છે,'' તેમણે નાગરિકોને આરોગ્ય અને પર્યાવરણ બંને કારણોસર સાયકલિંગ અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા. દિવસની ઉજવણી યથાવત રાખતા બંને મંત્રીઓએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI)ના અધિકારીઓ સાથે ઉત્સાહપૂર્ણ રસ્સા ખેંચ અને મૈત્રીપૂર્ણ ફૂટબોલ મેચમાં ભાગ લીધો. તેમની સક્રિય ભાગીદારીએ આ દિવસની થીમ સક્રિય ભાગીદારી અને ખેલભાવનાને રેખાંકિત કરી. જેએલએન સ્ટેડિયમ ખાતેની આ ઈવેન્ટ એક ભવ્ય અને વાઈબ્રન્ટ હતી, જેમાં ઈન્ડોર અને આઉટડોર સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણી દર્શાવવામાં આવી હતી. સામૂહિક ઉત્સાહના પ્રદર્શનમાં, SAIના લગભગ ૭૦૦ કર્મચારીઓએ દિવસના રમતગમતના કાર્યક્રમોમાં સક્રિય પણે ભાગ લીધો હતો. પ્રવૃત્તિઓની વિવિધ શ્રેણીમાં સ્પર્ધાત્મક મેચો અને મનોરંજક રમતોનો સમાવેશ થાય છે, જે નિયમિત શારીરિક પ્રવૃત્તિ અને રમતગમત સાથેના જોડાણના મહત્વને પ્રકાશિત કરે છે.

### ચૂંટણી પહેલા આતંકવાદી ગતિવિધિ વધી

## રાજૌરી, માછિલ અને તંગધાર... કાશ્મીરમાં ત્રણ જગ્યાએ એન્કાઉન્ટર ચાલુ

**સેનાએ જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે**

। (એજન્સી) કુપવાડા, તા.૨૯ ।

સેનાએ જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. તે જ સમયે, રાજૌરી જિલ્લામાં પણ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજૌરીમાં ૨ થી ૩ આતંકીઓ છુપાયેલા છે. કુપવાડા જિલ્લામાં બે જગ્યાએ એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. પ્રથમ એન્કાઉન્ટર બુધવારે સાંજે તંગધાર સેક્ટરમાં શરૂ થયું હતું, જ્યાં પ્રારંભિક ગોળીબાર પછી મોટા પાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.બુધવારે મોડી રાત્રે, ૫૭ રાષ્ટ્રીય રાઈફલ્સના સતર્ક સૈનિકોએ કુપવાડાના માછિલ સેક્ટરમાં ત્રણથી ચાર આતંકવાદીઓના જૂથને જોયો. આ પછી સુરક્ષા દળોએ તેમને પડકાર ફેંક્યો, જેના કારણે બંને પક્ષો વચ્ચે ભારે ગોળીબાર થયો. રાજૌરી જિલ્લામાં પણ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટરના સમાચાર છે, જ્યાં સુરક્ષા દળોએ આતંકવાદીઓને ઘેરી લીધા છે અને વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. બુધવારે મોડી સાંજે સુરક્ષા દળોએ કુપવાડા જિલ્લાના માછિલ સેક્ટરમાં આતંકવાદીઓના એક જૂથ દ્વારા ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે ૫૭ રાષ્ટ્રીય રાઈફલ્સ અને ૫૩ ઈન્ફન્ટ્રી બ્રિગેડના જવાનોએ માછિલ સેક્ટરના કામકરી વિસ્તારમાં ઓપરેશન શરૂ કર્યું.તેમણે કહ્યું, ''૧૯:૪૦ની આસપાસ આતંકવાદીઓની ઘૂસણખોરીની ગતિવિધિ જોવા મળી, ત્યારબાદ ફાયરિંગ શરૂ થયું.'' હાલમાં ઓપરેશન ચાલુ છે, વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.કુપવાડા જિલ્લાના તંગધાર વિસ્તારમાં પણ આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. આ વિસ્તારમાં પણ સુરક્ષાદળોએ આતંકીઓને ઘેરી લીધા છે અને ફાયરિંગ ચાલુ છે.રાજૌરી જિલ્લાના લાઠી ગામમાં પણ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે.

### ભારતીય સેનાએ તેમને પરત કર્યા

## લદ્દાખમાં ૪૦ ચીની યાક સરહદ પાર કરી ભારતીય સીમામાં પ્રવેશ્યા

। (એજન્સી) લદ્દાખ, તા.૨૯ ।

ભારતે ચીનને ૪૦ ચાઈનીઝ યાક પરત કર્યા છે જે લદ્દાખ નજીક વાસ્તવિક નિયંત્રણ રેખા પાસે ભારતીય ક્ષેત્રમાં ભટકાઈ ગયા હતા. આ ઉપરાંત આ યાકના માલિકોને ભારતીય ક્ષેત્રમાં ન આવવાની કડક ચેતવણી પણ આપવામાં આવી છે.

વાસ્તવમાં આ ચીનની અતિક્રમણ વ્યૂહરચનાનો એક ભાગ હોઈ શકે છે અને ચીન વારંવાર આવા કાવતરાઓ કરે છે.તાજેતરમાં, ૪૦ ચીની યાક પૂર્વી લદ્દાખના ડેમચોક વિસ્તારમાં ભટકી ગયા હોવાના અહેવાલ છે. આ ઘટના વિશેની માહિતી ૧૯ ઓગસ્ટના રોજ ચૂશુલ કાઉન્સેલર કોંચોક તેનઝિને સોશિયલ મીડિયા પર શેર કરી હતી, જેમણે કહ્યું હતું કે જ્યારે ભારતીય પ્રાણીઓ ચીનના ક્ષેત્રમાં ભટકાય છે, ત્યારે તેઓ પાછા ફરતા નથી. જો કે, ભારતે સદ્ભાવના



સંકેત તરીકે ચીનને યાક્સ પરત કર્યું.ભારતીય સેનાએ સ્થાપિત પ્રોટોકોલ મુજબ આ ઘટના વિશે ચીની પીપલ્સ લિબરેશન આર્મીને જાણ કરી અને બીજા દિવસે યક્સ પરત ફર્યા. ન્છઝ પર પોતાના દાવાને મજબૂત કરવા માટે ચીન અવારનવાર આવી હરકતો કરે છે. લદ્દાખમાં ચરાઈ વિસ્તારોને લઈને વિવાદો સામાન્ય રહ્યા છે.

આ વિસ્તાર ભારતીય આદિવાસી સમુદાયો માટે મહત્વપૂર્ણ છે, જેમના પશુધન અવારનવાર અહીં ચરતા હોય છે.૨૦૨૦માં ન્છઝ પર ભારત અને ચીનની સેનાઓ વચ્ચે થયેલી લોહિયાળ અથડામણ બાદ આવા કેસોમાં વધારો જોવા મળ્યો છે. આ વિસ્તારોમાં ચરતા પ્રાણીઓની સંખ્યા ૨૦૧૯ માં ૫૬,૦૦૦ થી ઘટીને ૨૦૨૧ માં ૨૮,૦૦૦ થઈ ગઈ હતી. જો કે, તાજેતરના વર્ષોમાં આ સંખ્યા ફરી વધીને લગભગ ૫૮,૦૦૦ થઈ ગઈ છે.લદ્દાખમાં ચુશુલ, તારા, ન્યોમા, ફુકચે અને ડેમચોક સહિત લગભગ દસ મુખ્ય ચરાઈ વિસ્તારો છે, જ્યાં ભારતીય પશુપાલકો તેમના પશુઓ ચરે છે. તણાવ અને મુકાબલો વચ્ચે, ચીન સીધો સંઘર્ષ ટાળવા માટે તેના પશુપાલકો અને પશુઓને ભારતીય વિસ્તારોમાં મોકલી રહ્યું હોવાનું માનવામાં આવે છે, અને યાક્સ પણ તેની વ્યૂહરચનાનો એક ભાગ હોઈ શકે છે.

## બેંગલુરુમાં ડાન્સ ઇન્સ્ટ્રક્ટર પત્નીને ખુરશી સાથે બાંધી હત્યા કરી

। બેંગલુરુ, તા.૨૯ ।

કર્ણાટકના બેંગલુરુમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ખેંગરીના વિશ્વેશ્વરાય લેઆઉટમાં બુધવારે ૨૫ વર્ષીય મહિલાની ઘાતકી હત્યા માટે તેના પતિની ધરપકડ કરવામાં આવી છે. મૃતકની ઓળખ નવ્યશ્રી તરીકે થઈ છે, જે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડાન્સ ઈન્સ્ટ્રક્ટર તરીકે કામ કરતી હતી. આરોપ છે કે તેને પહેલા ખુરશી સાથે બાંધી, ટોર્ચર કરવામાં આવ્યો અને પછી મારી નાખવામાં આવ્યો. મળતી માહિતી મુજબ, મૂળ તીર્થહલ્લીના રહેવાસી આ યુગલે લગભગ ૩ વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા. જોકે, લગ્નજીવનમાં તણાવ વધવાને કારણે કિરણને નવયશ્રીના ચારિત્ર્ય પર શંકા થવા લાગી હતી, જેના કારણે અવારનવાર ઝઘડા થતા હતા. પશ્ચિમે કહ્યું કે આ મામલાની માહિતી તેમને ઐશ્વર્યા નામની એક મહિલાએ આપી હતી, જે પોતાને નવ્યશ્રીની મિત્ર કહે છે. તેણે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે નવયશ્રીએ ત્રણ વર્ષ પહેલા કિરણ નામની વ્યક્તિ સાથે પ્રેમ અને લગ્ન કર્યા હતા.ફરિયાદીએ જણાવ્યું કે ઘટનાના દિવસે જ નવયશ્રીએ તેને મેસેજ કર્યો હતો. જેમાં તેણે તેણીને ઘરે આવવા કહ્યું હતું.

# હરિયાણાના ભાજપ અધ્યક્ષને ચૂંટણી પંચની નોટિસ આપી

**આમ આદમી પાર્ટીના હરિયાણા યુનિટે બીજેપીના રાજ્ય એકમ દ્વારા અપલોડ કરવામાં આવેલ ૩૬ સેકન્ડનો વીડિયો શેર કર્યો**

। (એજન્સી) હરિયાણા, તા.૨૯ ।

આમ આદમી પાર્ટીના હરિયાણા યુનિટે મંગળવારે બીજેપીના રાજ્ય એકમ દ્વારા અપલોડ કરવામાં આવેલ ૩૬ સેકન્ડનો વીડિયો શેર કર્યો છે. બીજેપીએ વીડિયોના કેપ્શનમાં લખ્યું- ''બાળકોને બોલાવો, હરિયાણામાં ફરીથી નાયબ સરકાર''હરિયાણામાં ૧ ઓક્ટોબરે ચૂંટણી યોજાવાની છે અને સત્તારૂઢ ભાજપ સતત ત્રીજી વખત સત્તામાં આવવાનો પ્રયાસ કરી રહી છે. વિડિયો બાળકના વર્ણનથી શરૂ થાય છે. બાળક કહે છે- ''આ વખતે હરિયાણામાં સૈની સરકાર, જય હિંદ!'' બાકીના વિડિયોમાં મુખ્યમંત્રી નયબ સિંહ સૈની રક્ષાબંધન સહિતના વિવિધ અવસર પર બાળકો સાથે વાત કરતા જોવા મળે છે. આ કાર્યક્રમો બિનરાજકીય લાગતા હતા.એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, હરિયાણા AAPએ આક્ષેપ કર્યો હતો કે રાજ્ય ભાજપ ''એટલું નીચું ગયું છે કે તે હરિયાણામાં તેના ચૂંટણી પ્રચાર માટે બાળકોનો ઉપયોગ કરીને આદર્શ આચાર સંહિતાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહ્યું છે.''AAPએ હિન્દીમાં લખેલી તેની પોસ્ટમાં કહ્યું કે, ''હવે ભાજપ હરિયાણા એટલુ નીચું પડી ગયું છે કે તે રાજ્યમાં તેના ચૂંટણી પ્રચારમાં બાળકોનો ઉપયોગ કરીને આચારસંહિતાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહ્યું છે. ભાજપ સતત એવા કામ કરે છે જે આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે અને દેશના બંધારણનું અપમાન થયું છે, હવે સમય આવી ગયો છે કે ચૂંટણી પંચ નિષ્પક્ષ બનીને ભાજપ સામે કડક કાર્યવાહી કરે.એજન્સીના જણાવ્યા અનુસાર, સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે મુખ્ય ચૂંટણી અધિકારીએ પ્રદેશ ભાજપ પ્રમુખને ૨૯ ઓગસ્ટે સાંજે ૬ વાગ્યા સુધીમાં જવાબ આપવા કહ્યું છે. જ્યારે હરિયાણાના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, 'રાજ્ય ભાજપ અધ્યક્ષ મોહન લાલ બડોલીને ૨૯ ઓગસ્ટ સુધીમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે.' ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર રાજકીય પક્ષો અને ચૂંટણી અધિકારીઓ દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં કોઈ બાળકને સામેલ કરવું જોઈએ નહીં. નેતાઓ અને ઉમેદવારોએ બાળકોને તેમના ખોળામાં લઈ જવા, બાળકોને તેમના વાહનોમાં લઈ જવા અથવા બાળકોને ચૂંટણી પ્રચાર કે રેલીનો ભાગ બનાવવા સહિત કોઈપણ રીતે ચૂંટણી પ્રચાર કે રેલી માટે બાળકોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. વધુમાં, રાજકીય ઝુંબેશની છાપ ઊભી કરવા, રાજકીય પક્ષ અથવા ઉમેદવારના પ્રતીકો પ્રદર્શિત કરવા, રાજકીય પક્ષની વિચારધારા દર્શાવવા, રાજકીય પક્ષની સિદ્ધિઓને પ્રોત્સાહન આપવા અથવા વિરોધી રાજકીય પક્ષોનો વિરોધ કરવા માટે બોલાતા શબ્દો અથવા કવિતાઓ અથવા ગીતોનો ઉપયોગ કરવો.

# અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ IDSA દ્વારા આયોજિત ગુજરાત ડાયરેક્ટ સેલિંગ કોન્ક્લેવનો શુભારંભ કરાવ્યો

**IDSAએ દેશભરમાં ડાયરેક્ટ સેલિંગમાં નવમું સ્થાન પ્રાપ્ત કરી, ૨.૧ લાખથી વધુ લોકોને સ્વરોજગારની તક આપી**



। (માહિતી) અમદાવાદ ।

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ અમદાવાદમાં ઈન્ડિયન ડાયરેક્ટ સેલિંગ એસોસિએશન (IDSA) દ્વારા આયોજિત કોક્લેવની પાંચમી આવૃત્તિનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ભારતના પશ્ચિમી ક્ષેત્રમાં ગુજરાતે મહારાષ્ટ્ર બાદ બીજા ક્રમે ડાયરેક્ટ સેલિંગ બિઝનેસમાં ૧૦૦૦ કરોડનો પડાવ પાર કર્યો છે, જે આપણા માટે ખૂબ જ ગૌરવની બાબત છે. રાજ્યમાં છેલ્લાં ચાર વર્ષમાં રૂપિયા ૧૦૧૪ કરોડનો બિઝનેસ ટર્નઓવર થયો છે, જે આ ક્ષેત્રની વૃદ્ધિ દર્શાવે છે. કેબિનેટ મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતે દેશમાં ડાયરેક્ટ સેલિંગ માર્કેટમાં નવમું સ્થાન પ્રાપ્ત કરી ૨.૧ લાખથી વધુને રોજગાર પૂરો પાડ્યો છે, જેમાં ૭૭ હજારથી વધુ મહિલાઓ છે. IDSAએ રોજગાર ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી છે, એમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મહિલાઓની પ્રગતિ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં લાવી છે. જેનો લાભ મેળવી આ મહિલાઓ અન્ય લોકોને પણ રોજગારી આપી રહ્યાં છે. મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર ડાયરેક્ટ સેલિંગ ઉદ્યોગની સાથોસાથ ગ્રાહકોની સલામતી માટે પણ પ્રતિબદ્ધ છે. IDSA દ્વારા ટેક્સ સ્વરૂપે રાજ્ય સરકારને રૂપિયા ૧૫૦ કરોડથી વધુનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ એવોર્ડ વિજેતા મહિલાઓ અને IDSAને આ આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. IDSAના ચેરમેન શ્રી વિવેક કટોચે જણાવ્યું હતું કે, ડાયરેક્ટ સેલિંગ ઈન્ડસ્ટ્રી માટે ગુજરાત ચાવીરૂપ અને અગ્રતા ધરાવતા બજારોમાંનું એક છે. IDSA એસોસિએશન એ ૧૯ સભ્યોની કંપની છે. આ માધ્યમ દ્વારા દેશભરમાં લગભગ ૮૬ લાખ નાગરિકો સ્વરોજગાર મેળવી રહ્યા છે. આ ક્ષેત્ર છેલ્લાં ચાર વર્ષમાં આઠ ટકાથી વધુના CAGR સાથે સાતત્યપૂર્ણ અને સતત વૃદ્ધિ દર્શાવી રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. આજના કાર્યક્રમમાં IDSAના સિનિયર મેનેજર અમનપ્રીત કોર, મોદી કેરના માર્કેટિંગ હેડ રુચિ કુમાર તેમજ ગુજરાતના સેલિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો હાજર રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર જિલ્લાના પદાધિકારીઓ તથા અધિકારીઓ સાથે બેઠક યોજીને અતિવૃષ્ટિની સમીક્ષા કરી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

જામનગર જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે ઊભી થયેલ સ્થિતિની સમીક્ષા કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જામનગર ખાતે આવી પહોંચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ એરપોર્ટ મિટિંગ હોલ ખાતે જિલ્લાના પદાધિકારીઓ તથા અધિકારીઓ સાથે બેઠક યોજી સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો. અતિવૃષ્ટિના પરિણામે જામનગર જિલ્લામાં સર્જાયેલી સ્થિતિ અંગે કલેકટરશ્રી બી. કે. પંડ્યા અને કમિશનરશ્રી ડી. એન. મોદીએ મુખ્યમંત્રીશ્રીને વિગતો આપી હતી.



મુખ્યમંત્રીશ્રીએ જામનગર શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનો જે પ્રશ્ન છે ત્યાં કાયમી ઉકેલ કઈ રીતે આવી શકે તે પ્રકારે આયોજન હાથ ધરવા સૂચનો કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ લોકોના આરોગ્ય અને સાફ-સફાઈની કામગીરીને પ્રાથમિકતા આપવા અધિકારીશ્રીઓને સૂચનો કર્યા હતા. તેમજ જે રસ્તાઓ બંધ છે ત્યાં પાણી ઓસર્યા બાદ તાત્કાલિક રિપેરિંગની જરૂર જણાય તો તે કામગીરી કરીને પણ પૂર્વવત કરવા માટે જણાવ્યું હતું. ઝીરો કેઝ્યુલીટીના એપ્રોચ સાથે કુદરતી આફતમાં કામગીરી કરવા અંગે તેમજ અતિવૃષ્ટિ બાદ લોકોની જરૂરિયાતોની ઉપલબ્ધિ સરળતાએ કરાવવા પર ભાર મૂકવા મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, જામનગર જિલ્લામાં બચાવ કામગીરી માટે એનડીઆરએફ અને એસડીઆરએફની ૧-૧ ટીમ તેમજ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ૧ ટીમ ફાળવવામાં આવી છે. તેમજ આર્મીની ૩ ટુકડીઓ, ફાયર વિભાગ, એરફોર્સ દ્વારા પણ લોકોના રેસ્કયૂની કામગીરી કરવામાં આવી છે. જિલ્લામાં પાણીના પ્રવાહમાં ફસાયેલા ૧૨ જેટલા લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા છે. જામનગર જિલ્લામાં અંદાજિત ૪૫૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ કરાયું છે. જામનગરમાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ૨૩૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરી સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યા છે. ધ્રોલ તાલુકાના લતીપર ગામે પાણીના પ્રવાહમાં તણાઈ જતાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે. કુલ ૬૮ મકાનોમાં નુકસાની થઈ છે. ભારે વરસાદના પરિણામે ૪૩૩ ફીડરો બંધ થયા હતા તે પૈકી ૧૦૪ ફીડરો પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે.

પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૨ લાખ જેટલા ફૂડપેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારમાં જરૂરી સાધનો કામે લગાડી સાફ-સફાઈની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જામનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગના ૪૮ રસ્તાઓ હાલ બંધ છે. જે પાણી ઓસર્યા બાદ પૂર્વવત થઈ જશે તેમ પણ બેઠકમાં જણાવાયું હતું. બેઠકમાં જામનગર જિલ્લામાં અતિવૃષ્ટિના પરિણામે સર્જાયેલી નુકશાનીનો સર્વે કરવા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેઓએ લોકોના રેસ્કયુની કામગીરી, ડેમો તથા રોડ-રસ્તાની સ્થિતિ, પીજીવીસીએલ, કોર્પોરેશન વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારોમાં લોકોને સ્થળાંતરીત કરવાની કામગીરી વિષે ચર્ચા કરી હતી. કેબિનેટમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રીને જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની સ્થિતિ અંગે તેમજ ધારાસભ્યોશ્રીએ પોતાના વિસ્તારમાં લોકોનું રેસક્યૂ, સ્થળાંતરની કામગીરી તેમજ ફૂડપેકેટના વિતરણની કામગીરી અંગે જણાવ્યું હતું.

આ બેઠકમાં કેબિનેટમંત્રીઓશ્રી રાઘવજીભાઈ પટેલ તથા શ્રી મૂળુભાઈ બેરા, મુખ્ય સચિવશ્રી રાજકુમાર, સાંસદશ્રી પૂનમબેન માડમ, જામનગર જિલ્લાના પ્રભારી સચિવશ્રી અનુપમ આનંદ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મેયબેન ગરસર, મેયરશ્રી વિનોદભાઈ ખીમસુર્યા, ધારાસભ્યો સર્વશ્રી મેઘજીભાઈ ચાવડા, શ્રી દિવ્યેશભાઈ અકબરી, શ્રીમતી રીવાબા જાડેજા, ડેપ્યુટી મેયર શ્રીમતી ક્રિષ્નાબેન સોઢા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડાશ્રી પ્રેમસુખ ડેલુ, અગ્રણીઓશ્રી રમેશભાઈ મુંગરા, વિમલભાઈ કગથરા, પદાધિકારીશ્રીઓ, અન્ય અધિકારીશ્રીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છના ભુજનું ઐતિહાસિક હમીરસર તળાવ છલકાયું

। (એજન્સી) ભુજ, તા.૨૯ ।

કચ્છમાં ધોધમાર વરસાદ ખાબકતા અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે કચ્છના ભુજનું ઐતિહાસિક હમીરસર તળાવ છલકાયું છે. ભારે વરસાદના પગલે તળાવ છલકાયું છે. જેથી ભુજવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. આ તરફ હમીરસર તળાવ ભરાતા નજીકના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાનું શરુ થયુ છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાનું શરુ થતા તંત્ર એલર્ટ પર છે. જેના પગલે લોકો જોખમી રીતે તળાવ સુધી ન પહોંચે તે માટે તકેદારી લેવામાં આવી છે. હમીરસર તળાવની આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બીજી તરફ કચ્છના અબડાસમાં ભારે વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વરસાદ બાદ અનેક ગામની નદીઓમાં પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળ્યો છે. સાંધવ,છડુરા, વિંઝાણ ગામમાંથી પાણી વહેતા થયા છે.

## અમદાવાદમાં ૮૯ જેટલા તળાવ વરસાદી પાણીથી છલકાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં ત્રણ દિવસમાં સરેરાશ ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારમાં તારાજીના દ્રશ્યો જોવા મળ્યા હતા. ૧૩૦ તળાવ શહેરમાં મ્યુ. હસ્તક આવેલા છે. આ પૈકી ૫૩ તળાવો ઈન્ટરલિંક કરવામા આવેલા છે.આમ છતાં તળાવોમાં બાર મહિના પાણી જોવા મળતુ પણ નથી. તોય મ્યુ. શાસકોએ ૮૯ તળાવ વરસાદી પાણીથી છલકાયા અંગે હરખની હેલી વ્યકત કરી હતી. વર્ષ-૨૦૦૩ સુધીના સમયમાં જે તે સમયે ઔડા હસ્તક આવેલા તળાવોને એકબીજા સાથે જોડી ઈન્ટરલિંક કરવામાં આવ્યા હતા. પાછળથી ઔડા હસ્તકના વિસ્તારો મ્યુનિસિપલ હદમાં સમાવવામા આવતા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી વિવિધ વોર્ડમાં આવેલા તળાવો ઈન્ટરલિંક કરવા પ્રયાસ શરુ કર્યા હતા.

## કોર્પોરેશને કરોડો રૂપિયાના ખર્ચે ખરીદેલી ૧૫ થી વધુ સ્પીડ બોટ ધૂળ ખાઇ રહી છે

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરામાં પૂરના પાણી વચ્ચે ફસાયેલા લોકોનું રેસ્ક્યું કરવા માટે એક તરફ બોટના ફાંફા હતા ત્યારે કોર્પોરેશને કરોડો રૂપિયાના ખર્ચે ૨૦૧૬માં ખરીદેલી ૧૫ કરતા વધારે સ્પીડ બોટો ધૂળ ખાતી નજરે પડી હતી. મળતી વિગતો પ્રમાણે વર્ષ ૨૦૧૬માં કરોડોના ખર્ચે ખરીદવામાં આવેલી સ્પીડ બોટ આરટીઓ કચેરીના ખૂણામાં ધૂળ ખાઈ રહી છે. જે સ્પીડ બોટનો ઉપયોગ કોર્પોરેશન દ્વારા હાલ કરવામાં આવી રહ્યો નથી. આ પૈકી કેટલીક બોટોની ક્ષમતા ૧૨૦૦ કિલોની છે. એટલે આવી બોટમાં ૧૫ થી ૨૦ લોકોને આસાનીથી બેસાડી શકાય તેમ છે. જોકે વડોદરા મંગળવાર અને બુધવારે અભૂતપૂર્વ પૂરનો સામનો કરી રહ્યું હતું ત્યારે આ બોટો પાણીમાં હોવાની જગ્યાએ આરટીઓ કચેરીના ખૂણામાં શેડની નીચે પડી રહી હતી.

# વડાપ્રધાન મોદીએ પ્રાકૃતિક ખેતીને ‘ભારતનું મિશન’ બનાવી દીધું : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

### આ વર્ષે ૨૯ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવાનું આયોજન : નાના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી વરદાન છે

। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગુજરાતમાં આગામી એક વર્ષમાં વધુ ૧૦ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરતા કરવા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હવે પ્રાકૃતિક ખેતીને ‘ભારતનું મિશન’ બનાવી દીધું છે, ત્યારે આપણે સૌએ આ પવિત્ર મિશનને આગળ વધારવાનું છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિની સ્થિતિની સમીક્ષા કરવા પ્રતિમાસ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે રાજભવનમાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ, કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ, કૃષિ વૈજ્ઞાનિકો, પ્રાકૃતિક કૃષિ સંયોજકો અને આગેવાન ખેડૂતોની સમીક્ષા બેઠક યોજાય છે. આજે આ બેઠકને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી હવે સફળ કૃષિ પદ્ધતિ છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ -ICAR ના કૃષિ વૈજ્ઞાનિકોએ પણ પ્રાકૃતિક ખેતી પરના અભ્યાસોના તારણોને સ્વીકાર્યા છે ત્યારે ખેડૂતો કોઈ દ્વિધા રાખ્યા વિના પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે. પ્રાકૃતિક ખેતી માટે તાલીમ અનિવાર્ય છે. રાજ્ય સરકારના નિષ્ણાતો ખેડૂતોને વિનામૂલ્યે - ઘર આંગણે પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી રહ્યા છે. ખેડૂતો પ્રોત્સાહક યોજનાઓનો લાભ લે અને પ્રાકૃતિક ખેતી અપનાવે એ વર્તમાન સમયની માંગ છે. રાજ્ય સરકારના કૃષિ વિભાગના આત્મા - એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી દ્વારા આ વર્ષે ૨૯ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ ગામોને પાંચ-પાંચ ગામના ક્લસ્ટર્સમાં વિભાજિત કરીને પાંચ ગામ દીઠ એક કૃષિ વિભાગના કર્મચારી અને એક પ્રાકૃતિક ખેતી નિષ્ણાત ખેડૂત ; એમ બે વ્યક્તિઓને તાલીમની જવાબદારી સોંપવામાં આવી છે. એટલું જ નહીં, મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપીને તેમને ‘પ્રાકૃતિક કૃષિ સખી’ બનાવી તેમના જ ગામમાં અન્ય ખેડૂતોને તાલીમ આપવાની જવાબદારી સોંપવામાં આવી રહી છે. ગુજરાતમાં અત્યારે ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે, આ તમામ ખેડૂતો ઓછામાં ઓછા બે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત અને પ્રશિક્ષિત કરે એવું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની તમામ કૃષિ યુનિવર્સિટીઓ પ્રાકૃતિક કૃષિના ઘનિષ્ઠ તાલીમ કેન્દ્રો બનશે. તમામ કૃષિ યુનિવર્સિટીઓ પ્રાકૃતિક ખેતીનું મોડલ ફાર્મ તૈયાર કરશે અને ખેડૂતોને પ્રશિક્ષણ આપશે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રો પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદથી અસરગ્રસ્ત દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લીધી

### રાજ્યમાં પાછલા પાંચ દિવસથી વરસેલા વરસાદમાં સૌથી વધુ ૯૪૪ મિલીમીટર વરસાદ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં વરસ્યો છે

। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।



મુખ્યમંત્રીશ્રી આ ભારે વરસાદ અને પરિણામે સર્જાયેલી સ્થિતિની જાત માહિતી મેળવવા અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા એનડીઆરએફ, એસડીઆરએફ, આર્મી, કોસ્ટ ગાર્ડની મદદથી હાથ ધરાઈ રહેલા રાહત કામોમાં માર્ગદર્શન પૂરું પાડવા ખંભાળિયા પહોંચ્યા હતા. તેમણે ખંભાળિયાના અસરગ્રસ્ત રામનગર અને કણઝાર ચેકપોસ્ટ વિસ્તારોની મુલાકાત લઈને લોકોના ખબર અંતર પૂછ્યા હતા તેમજ અસરગ્રસ્તોને અપાઈ રહેલી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્ય સચિવ શ્રી રાજકુમારની ઉપસ્થિતિમાં દ્વારકા કલેક્ટર કચેરી ખાતે આ સમીક્ષા બેઠક યોજીને જિલ્લામાં થયેલા નુકસાન, લોકોના સ્થળાંતર, રેસ્ક્યુ સહિતની તલસ્પર્શી વિગતો મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ વરસાદને કારણે ભરાયેલા પાણી, કાંપ, માટી વગેરે દૂર કરીને સાફ-સફાઈ, જંતુનાશક દવા છંટકાવ માટે જરૂર જણાયે અન્ય જિલ્લાઓમાંથી સાધન-સામગ્રી સાથે ટીમ મોબિલાઈઝ કરવાની વ્યવસ્થાનું માર્ગદર્શન આપ્યું હતું તેમજ સ્વચ્છતા-સફાઈને પ્રાથમિકતા આપવા તાકિદ કરી હતી.

તેમણે આરોગ્ય વિષયક બાબતોને પણ અગ્રતા આપીને તબીબી ટીમ, આરોગ્ય કર્મીઓ, એમ્બ્યુલન્સ, મોબાઈલ ડિસ્પેન્સરી અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડીને જન આરોગ્ય સુખાકારીની ચિંતા કરવા સાથે રોગચાળો ન ફેલાય તેની કાળજી લેવા પણ માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, આપણું સંપૂર્ણ ફોકસ હવે જનજીવન ઝડપભેર પૂર્વવત કરવા અને લોકોને નુકસાનમાંથી બેઠા કરવામાં સહાયરૂપ થવાનું હોવું જોઈએ.

આ માટે વરસાદ અટકે એટલે બનતી ત્વરાએ નુકસાનીનો પ્રાથમિક સરવે હાથ ધરવા સહિતની બાબતો આયોજનબદ્ધ રીતે ઉપાડવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

કલેક્ટરશ્રીએ જિલ્લાની વરસાદી સ્થિતિ અને તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા બચાવ-રાહત પગલાની વિગતો મુખ્યમંત્રીશ્રીને આપી હતી. તદઅનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૩૦ લોકોનું રેસ્ક્યુ એનડીઆરએફ, કોસ્ટકાર્ડ તથા સ્થાનિક તંત્ર અને લોકોની મદદથી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૫૯૬ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. સ્થળાંતર કરવાના આવેલા તથા અન્ય અસરગ્રસ્ત વિસ્તારોના મળીને ૧૨ હજાર ઉપરાંત ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

# કચ્છમાં ૨૪ કલાકમાં બિપરજોય જેવા વાવાઝોડાની સંભાવના

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

બંગાળની ખાડી પર થોડા દિવસ અગાઉ સર્જાયેલું લો પ્રેશર આગળ વધીને વેલમાર્ક લો પ્રેશરમાં પરિવર્તિત થયું હતું. હવે તે વધુ મજબૂત બનતા ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું હતું. જેને કારણે છેલ્લા ૫ દિવસથી ગુજરાત રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદી આફતની સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાઓમાં હજુ આજે પણ આ ડીપ ડિપ્રેશન તારાજી સર્જી શકે છે.

ડીપ ડિપ્રેશન કચ્છ ઉપર સક્રિય થયું છે અને આજે વહેલી સવારે ત્રણ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે કચ્છ પાસે સક્રિય હતું જેને કારણે કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદ વરસી રહ્યો છે તે સાથે જ હવામાન વિભાગ દ્વારા પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી આ ડીપ ડિપ્રેશનની અસરને પગલે અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને રોડ રસ્તાઓ બેટમાં ફેરવાયા છે. ગતરોજ સુધી આ ડીપ ડિપ્રેશન નબળું પડીને ડિપ્રેશનમાં પરિવર્તિત થવાનું હતું પરંતુ આજની સ્થિતિ મુજબ ડીપ ડિપ્રેશન નબળું પડવાને બદલે વધુ મજબૂત બનતા ૨૪ કલાકમાં વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે.

આ ડીપ ડિપ્રેશન ભુજથી ૬૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમ દિશા તરફ છે જ્યારે નલીયાથી ઉત્તર પૂર્વ દિશામાં ૮૦ કિ.મી. દૂર છે. આ ડીપ ડીપ્રેશન પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ દિશા તરફ ગતિ કરી રહ્યું છે, જે ૩૦ તારીખ સુધીમાં ઉત્તરપૂર્વીય અરબ સાગરમાં ભળી જશે.તે પહેલા આ ડીપ ડિપ્રેશન વધુ મજબૂત બન્યું છે અને વાવાઝોડામાં પરિવર્તિત થવાની શક્યતાઓમાં વધારો થયો છે. જેને પગલે અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે ભારે પવન ફૂંકાવાની શક્યતાઓ છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં હજુ આગામી ત્રણ દિવસ વરસાદની સંભાવના છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં આજે પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી છે.

આજે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૫૫ થી ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તથા આવતીકાલથી બે દિવસ દરમિયાન એટલે કે ૩૦ અને ૩૧ ઓગસ્ટના રોજ દરિયાકાંઠાના વિસ્તારોમાં ૬૫ થી ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.સાવચેતીના ભાગરૂપે સમગ્ર ગુજરાત રાજ્યના દરિયાકાંઠે LC-3 સિગ્નલ લગાવવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના ભાગો ઉપર ઓફ શોર ટ્રફ તથા ડીપ ડિપ્રેશન જે કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગ ઉપર સક્રિય છે તેની સાથે મોન્સુન તરફ સંકળાયેલો છે. તેને કારણે ઉત્તર ગુજરાત અને પૂર્વ મધ્ય ગુજરાતમાં વરસાદી ઝાપટા વરસી શકે છે.

## ચોમાસામાં ગંદકી અને રોગચાળો ફેલાતો અટકાવવા અમદાવાદ મહાનગરપાલિકાની સઘન સફાઇ ઝુંબેશ




। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં ભારે વરસાદને પગલે વિવિધ વિસ્તારોમાં ભરાયેલા પાણી ઓસર્યા બાદ અમદાવાદ મહાનગરપાલિકાએ સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરી છે. જે અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરી રોગચાળો ન ફેલાય તે માટે દવાનો છંટકાવ કર્યો હતો. શહેરના વેજલપુરમાં સોનલ સિનેમા રોડ પર અમ્યુકો દ્વારા સાફ-સફાઈની કામગીરી કરવામાં આવી હતી. રસ્તા પરથી અને રસ્તાના કાંઠેથી કાદવ-કીચડ હટાવવામાં આવી રહ્યો છે અને ગટરની કેચપીટોને સાફ કરવામાં આવી હતી.

### ૧૩ હજારનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું

# ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૭૮૫ લોકોનું રેસ્ક્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતમાં ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ હતી.વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી મિશન મોડમાં ચાલી રહી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા પ્રાપ્ત માહીતી મુજબ આજે તા.૨૯મી ઓગસ્ટ સવારે ૧૦.૦૦ કલાકની સ્થિતિ એ છેલ્લા ૨૪ કલાકમાં ૧,૭૮૫ નાગરિકોને રેસ્ક્યુ તથા ૧૩,૧૮૩ નાગરિકોનુ સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. રાજ્યમાં રાહત બચાવ કામગીરી માટે એન.ડી.આર. એફની ૧૭ તેમજ એસ. ડી. આર. એફની ૨૫ ટીમો ઉપરાંત આર્મીની ૯ કોલમ ડિપ્લોય કરવામાં આવી છે. રાજ્યમાં ભારે વરસાદમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ રાહત અને બચાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા છે, ત્યારે લોકોના જાનમાલનું રક્ષણ કરવા જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, માર્ગ અને મકાન, આરોગ્ય સહિતના તમામ વિભાગો ખડેપગે ફરજો બજાવી રહ્યા છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામમાં ભારે વરસાદના કારણે ચાર નાગરિકો ફસાયા હતાં. જિલ્લા વહીવટી તંત્રની સતર્કતા મદદથી હેલિકોપ્ટરથી રેસ્ક્યુ કરી સલામત સ્થળે સફળતાપૂર્વક ખસેડવામાં આવ્યા હતા. ધોધમાર વરસાદ અને વિકટ પરિસ્થિતિમાં પોતાનું ઘર છોડી જિલ્લા આરોગ્ય તંત્રની સતત દેખરેખ અને કાળજી વચ્ચે વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં એક મહિલાની સફળ પ્રસૂતિ કરાઈ હતી.સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી તાલુકાના પરનાળા ગામમાં એક મહિલાને રેસ્ક્યું કરીને આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લા કલેક્ટરે દાંતીવાડા ડેમની મુલાકાત લીધી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૯ ।

બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલે ૨૮ ઓગસ્ટ ને બુધવારના રોજ દાંતીવાડા તાલુકામાં પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત દાંતીવાડા ડેમની મુલાકાત લીધી હતી. ત્યારબાદ દાંતીવાડા ગામ ખાતે કલેકટરની અધ્યક્ષતામાં રાત્રિસભા યોજાઈ હતી. જેમાં ગ્રામજનોના વિવિધ પ્રશ્નો/ રજુઆતો સંબંધિત ચર્ચા કરવામાં આવી હતી.ગ્રામજનોના પ્રશ્નો અંગે કલેકટર એ સંબંધિત વિભાગને પ્રશ્નોના નિરાકરણ માટે ત્વરિત કાર્યવાહી કરવા જણાવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત જીફ્રઈહ્ણ મડાણા-૩ થી આવેલ ટીમે ડિઝાસ્ટર સંબંધિત રાહત અને બચાવની કામગીરીમાં જિલ્લા વહીવટી તંત્ર /તાલુકા વહીવટીતંત્ર ડિઝાસ્ટર દરમિયાન કેવી રીતે કાર્ય કરે છે.

### લાંચીયા ભરતગીરી સામે છેલ્લા ૨૫ વર્ષમાં અનેક ફરિયાદો

# ખેડા જિલ્લામાં ઈશ્યૂ થયેલા ૮૦૦ જેટલા પાસપોર્ટ પોલીસના રડારમાં

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઈશ્યૂ થયેલા ૮૦૦ જેટલા પાસપોર્ટના પોલીસ ક્લિયરન્સમાં ગોબાચારી થઈ હોવાની એક ચોંકાવનારી માહિતી સામે આવી છે. હાલ આ તમામ પાસપોર્ટની તપાસ કરવામાં આવી રહી છે અને આગામી દિવસોમાં આ બાબતે મોટો ખુલાસો થવાની પણ શક્યતા છે. ખેડા જિલ્લામાં ફરજ બજાવતા એક પોલીસકર્મીની ધરપકડ બાદ પાસપોર્ટ ક્લિયરન્સ સર્ટિફિકેટ માટે જિલ્લામાં મોટો વહીવટ ચાલતો હોવાનો ભાંડો ફુટ્યો હતો, જેમાં ખેડા લોકલ ઈન્ટેલિજન્સ બ્યૂરોમાં ASI તરીકે ફરજ બજાવતો ભરતગીરી ગોસ્વામી નામનો પોલીસકર્મી ૦૮ ઓગસ્ટના રોજ પાંચ લાખ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો હતો. ભરતગીરીની ધરપકડના ત્રણ સપ્તાહ બાદ હવે છઝ્રમ્ની તપાસમાં એવું બહાર આવ્યું છે કે તેના દ્વારા અપાયેલા નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ્સના આધારે ઈશ્યૂ થયેલા ૮૦૦ જેટલા પાસપોર્ટમાં મોટી ગડબડ થઈ છે. નવાઈની વાત એ છે કે ભરતગીરી ગોસ્વામી આ મલાઈદાર પોસ્ટ પર છેલ્લા ૨૫ વર્ષથી ફરજ બજાવી રહ્યો હતો અને આખા જિલ્લામાં પાસપોર્ટ પોલીસ વેરિફિકેશન અને ક્લિયરન્સ સર્ટિફિકેટ ઈશ્યૂ કરવાની તમામ જવાબદારી તેની હતી. એન્ટી કરપ્શન બ્યૂરોના એક સૂત્રએ જણાવ્યું હતું કે ભરતગીરી ગોસ્વામીએ પોતાના પદનો દુરુપયોગ કરીને કરેલા વહીવટનો લાભ તેના ઉપરી અધિકારીઓએ પણ લીધો હોઈ શકે છે. લાંચીયા ભરતગીરી સામે છેલ્લા ૨૫ વર્ષમાં અનેક ફરિયાદો પણ થઈ હતી, પરંતુ તેની સામે ક્યારેય કોઈ પગલાં લેવામા નહોતા આવ્યા. ACBના એક સિનિયર પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ભરતગીરીએ હજારો નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ ઈશ્યૂ કર્યા હતા જેમાંથી ૮૦૦ જેટલા NOC શંકાસ્પદ જણાયા છે તેમજ આ NOC ઈશ્યૂ કરવામાં યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં નથી આવ્યું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨